શ્રી ૧।
ૐ
અપેક્ષા કેવળ સત્યને પામવાની.........

# દક્ષ દ્રષ્ટી

સમસ્ત બ્રહ્મ સમાજનું માનિતુ માસિક
Email : daksh_drasti@rediffmail.com
R.N.I. NO. GUJGUJ/2007/21258
Post.Reg.No : G - KDA - 71 / 2010 - 2012
DAKSH DRASTI

વર્ષ : ૪ અંક : ૬ સળંગ અંક - ૪૨ તારીખ ૫/૯/૨૦૧૦ રવિવાર શ્રાવણ વદ - ૧૨ સંવત ૨૦૬૬ કિંમત રૂા.૧૦/- પાન : ૮
Year : 4, No-6, Sr.Vol.No-42 Date : 5/9/2010 Sunday Price Rs.10/- Page : 8
**મુદ્રક/પ્રકાશક/તંત્રી :-** મનોજભાઇ બાબુભાઇ જોષી, ૧૧૮-ઘંટાકર્ણ કોમ્પલેક્ષ, ગંજ બજાર, નડીઆદ - ૩૮૭૦૦૧, ફોન:(ઓ) ૦૨૬૮-૨૫૬૪૨૩૨,

## શ્રી ત્રિવેદી મેવાડા રેવા ચરોતર બ્રાહ્મણ (૮૩૬) અને સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા વડોદરા ખાતે બળેવ નિમિત્તે સમુહ યજ્ઞોપવિત બદલવાનું પવિત્ર આયોજન સંપન્ન.



ઉપરોક્ત તસવીરમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે વિધિ પૂર્વક યજ્ઞોપવિત ધારણ કરાવી રહેલ આચાર્ય શ્રી સાથે સમાજના વડીલો તેમજ સંસ્થાના પ્રમુખ અને દક્ષ દ્રષ્ટિના પ્રતિનીધી શ્રી હર્ષદભાઇ રતિલાલ પંડ્યાને સ્મૃતિચિન્હ અર્પણ કરી રહેલ દક્ષ દ્રષ્ટિના વડીલ શ્રી બાબુભાઇ જોષી તેમજ સમાજના અગ્રણી અને વડીલ શ્રી રમણભાઇ જોષીને શાલ ઓઢાડી સન્માનીત કરી રહેલ સુહાસભાઇ જોષી તેમજ દક્ષ દ્રષ્ટિ સામયીક વિશે માહિતી આપી રહેલ વડીલ શ્રી પ્રવિણભાઇ પંડ્યા દ્રષ્ટિગોચર થાય છે.

તા.૨૪/૮/૨૦૧૦ને મંગળવારના રોજ ઉપરોક્ત સંસ્થા દ્વારા શ્રી રણછોડરાયજી મંદિર અને અંબાલાલ પાર્ક નિઝામપુરા વડોદરા મુકામે વૈદિક વિધિ અનુસાર જનોઇ બદલી હતી. અને સૌ ભુદેવોએ સાથે બ્રહ્મ ભોજનનો લાભ લીધો હતો. બહેનો અને આચાર્ય દરેકે રક્ષાબંધન કર્યુ હતુ.

બળેવના આ શુભ પવિત્ર પ્રસંગે જ્ઞાતિના વયોવૃધ્ધ કર્મઠ શ્રી રમણલાલ મગનલાલ જોષી અમદાવાદ નું શ્રી સુહાસભાઇ જોષી દ્વારા શાલ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રજુ થયેલ પ્રતિભાવોમાં શ્રી ત્રિવેદી મેવાડા ચૌદ ગોળ ની ડીરેક્ટરી બનાવવા સમાજને સુદ્રઢ કરવા અમદાવાદ, વડોદરા, ડાકોર, વેજલપુરના કેળવણી મંડળ દ્વારા વિદ્યાભ્યાસ માટે બાળકોને શિષ્યવૃત્તિ, તેજસ્વી તારલાઓને ઇનામ, યુવાનોને રોજગારીની તકો અને જરૂરીયાતમંદ જ્ઞાતિના બાળકોને શૈક્ષણિક નોટબુકો, ચોપડીઓ સાધનો આપવામાં આવે છે. તેનો વ્યાપ ધીરે ધીરે વધારવો. જેથી જ્ઞાતિના બાળકો આર્થિક સામાજીક પરિસ્થિતિમાં સધ્ધર રીતે આગળ વધી શકે. આ અંગે બધાજ કેળવણી મંડળો સંયુક્ત રીતે કાર્યરત બને તો જ સંઘ શક્તિ સંયુક્ત સાર્થક થાય. અખિલ હિંદ ત્રિવેદી મેવાડા અમદાવાદ અને દક્ષ દ્રષ્ટિના સલાહકાર શ્રી રમણલાલ મ.જોષી સમસ્ત બ્રહ્મ સમાજ મોરબી દ્વારા હરદ્વારા - મથુરા - વૃંદાવન ખાતે ભાગવત સપ્તાહના મુખ્ય યજમાનપદે મોરબીથી ૧૫૦ યાત્રાળુઓનો સંઘ લઇ ગયા હતા. તેમના કાર્યો અને વિચારોને બિરદાવ્યા હતા.

ઉપરોક્ત પ્રસંગ નિમિત્તે સંસ્થાના પ્રમુખ અને દક્ષ દ્રષ્ટિ સામચિક ના વડોદરા ખાતેના પ્રતિનીધી શ્રી હર્ષદભાઇ રતિલાલ પંડ્યા દ્વારા દક્ષ દ્રષ્ટિ પરીવારને પણ ખૂબ જ લાગણી ભર્યુ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. જેને માન આપીને દક્ષ દ્રષ્ટિ પરીવારના વડીલ શ્રી બાબુભાઇ જોષી અને શ્રી પ્રવિણભાઇ પંડ્યા એ હાજર રહી સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ શ્રી પ્રવિણભાઇ પંડ્યા એ હાજર સૌ બ્રહ્મ બંધુઓને દક્ષ દ્રષ્ટિ સામાચિક અને પરીવાર દ્વારા કરવામાં આવતા સેવાકીય કાર્યો વિશે માહિતી પુરી પાડી હતી. ત્યાર બાદ ઉપરોક્ત સંસ્થાના પ્રમુખ અને દક્ષ દ્રષ્ટિના વડોદરા ખાતેના પ્રતિનીધી વડીલ શ્રી હર્ષદભાઇ રતિલાલ પંડ્યા ની સેવાઓને બિરદાવતા દક્ષ દ્રષ્ટિ પરીવાર વતી વડીલ શ્રી બાબુભાઇ જોષીએ તેઓને સ્મૃતિચિન્હ અર્પણ કરી સન્માન કર્યુ હતું. અને દક્ષ દ્રષ્ટિ સામચિકના વિકાસ અને પ્રસારમાં શ્રી હર્ષદભાઇ પંડ્યાના મહત્વપૂર્ણ યોગદાન માટે આભાર વ્યક્ત કર્યો હતો.

**– દક્ષ દ્રષ્ટિ**

## તંત્રી લેખ

## જીવન શ્રધ્ધા-૨

મિત્રો,

હાલમાંજ ગયા રવિવારે સવારે દક્ષ દ્રષ્ટિ કાર્યાલય ઉપર આ અંકની તૈયારી કરી રહ્યા હતા. ત્યાં એક યુવક હાથમાં મીઠાઇનું બોક્ષ લઇ આવ્યો. બધાએ મીઠાઇ ખાધી પછી પુછ્યુ ભાઇ શેની મીઠાઇ છે?

યુવકે આનંદ સાથે ગદ્ ગદ્ અવાજે કહ્યું. મનોજભાઇ આપના શબ્દોની મારી માન્યતાઓ ઉપર ખૂબજ ઉંડી અસર થઇ. અને મારી લાયકાત અને ધારણા મુજબનું વ્યવસાયિક સ્થાન અને આવક મેળવવામાં હું સફળ થયો. જે માત્ર આપના શબ્દોને આભારી છે. મે કહ્યું.... ભાઇ અભિનંદન પણ આપની સફળતા મારા શબ્દો ઉપરની આપની શ્રધ્ધાનેજ આભારી છે. બાકી ઘણા લોકોને તો પોતાના શબ્દો ઉપરજ શ્રધ્ધા હોતી નથી. ત્યાં બીજાના શબ્દો પરની શ્રધ્ધાની તો વાતજ ક્યાં રહી.

મીત્રો વાત એમ હતી કે આશરે બે માસ પહેલા જીવનસાથી પસંદગી સંમેલન માં ફોર્મ ભરવા આ ભાઇ તેઓના પિતાશ્રી ના આગ્રહ થકી સાથે આવેલા પરંતુ તેઓની હાલ લગ્ન કરવાની બિલકુલ ઇચ્છા ન હતી. વધુ વાત કરતા તેઓએ કહ્યું કે, હાલ લગ્ન કરવા માટે ઉંમર સિવાય મારી પાસે કોઇ લાયકાત નથી. સ્નાતક છું પરંતુ ખૂબજ ઓછા પગાર ની નોકરી કરૂ છું. અને મારા પિતાશ્રી કે કોઇ સગા સ્વતંત્ર વ્યવસાય માટે મૂડી આપી શકે તેમ નથી. આવી નિરાશાજનક પરિસ્થિતિમાં મને અનેકવાર આત્મહત્યાના વિચારો આવી ચુક્યા છે.

સાહજીક વાત આગળ વધતા મે કહ્યું કે, હું માનુ છુ કે આપની પાસે ધારણા મુજબનું કંઇ નથી. પરંતુ આપની પાસે જે છે તેનો સદ્ઉપયોગ કરી જીવનમાં ચોક્કસ આગળ વધી શકાય તેમ છે.

આપની પાસે સ્નાતક સુધીનો અભ્યાસ છે. લાગણીશીલ અને સાચુ માર્ગદર્શન આપી શકે તેવા માતા પિતા અને પરીવાર છે. વિશાળ મિત્ર વતૃળ છે. નિરોગી, શશક્ત અને યુવાન શરીર છે. ભારતમાં સૌથી વધુ વિકસીત અને સમૃધ્ધ વિસ્તારમાં પોતાનું ઘર છે. ધંધાની વિવિધ તકો નો સદ્ઉપયોગ કરવાની સમજણ અને કુનેહ છે. બીજાનું માર્ગદર્શન કરવાની શક્તિ છે. અને જેને ઇશ્વરે આટલુ બધુ આપ્યુ હોય તો તે ઇશ્વરની કૃપા પણ તેની સાથે જ હોય અને તેથીજ આપને ઇશ્વરમાં શ્રધ્ધા પણ છે.

જરૂર છે માત્ર આત્મશ્રધ્ધાને જગાડવાની જે માટે આટલુ યાદ રાખો

(૧) તમે સફળ થવાના જ, થઇ રહ્યા છો, એવુ એક સ્પષ્ટ ચિત્ર તમારા મન ઉપર અંકિત કરો ભલેને અત્યારે પરિસ્થિતિ ગમે તેવી હોય સફળતાના ચિત્રની અમીટ છાપ મન ઉપર ચાલુ રાખો.

(૨) જ્યારે પણ નકારાત્મ કે નિરાશાવાદી વિચાર આવે કે તરત જ ઇરાદા પૂર્વક તેને નસ્ટ કરો.

(૩) કલ્પનામાં પણ મુશ્કેલીઓ આવે છે તેવા ચિત્રો ઉભા ના કરશો.

(૪) અન્ય માણસોથી અંજાઇ જશો નહિ. તમે "તમે" બની શકો છો એટલુ તો બીજો કઇ માણસ ન બની શકે. બહારથી મોટાઇનો ડોળ કરનારા ઘણા માણસો ભીતરમાં શંકા, ભય, અને ચિંતાથી ભરેલા હોઇ શકે છે.

(૫) તમારી શક્તિઓનો સાચો ખ્યાલ મેળવી લો અને આ ઇશ્વરદત્ત શક્તિઓમાં વિશ્વાસ રાખો

(૬) તમારી સર્વ જરૂરીયાતો પુરી કરવાની શક્તિ તમારી પાસે છે જ એમ શ્રધ્ધા પૂર્વક માનો

(૭) તમારી જાતને વારંવાર યાદ આપો કે, ઇશ્વર સર્વદા તમારી સાથે જ છે અને તમને કોઇ પાછા પાડી શકે તેમ નથી.

આત્મશ્રધ્ધા વધારવાના આ સુંદર કીમીયા છે. પરંતુ પ્રયોગ વગર કિમીયા નકામા હોય છે. માટે એક વખત આત્મશ્રધ્ધાની જ્યોતિ જગાડો અને જીવનમાં પરિવર્તન કરો. પુરૂષાર્થના ચાકલ બળ જેવો ઉત્સાહ ધસમસવાં માંડશે. અને આખુ જગત પલટાવા માંડશે.

આમ થોડી વાતો કરી આ ભાઇ ચાલવા માંડ્યા પણ એમની ચાલમાં એક નવીજ તાકાત અને તેજ દેખાતા હતા.

ત્યારબાદ આ ભાઇએ મિત્રોના માર્ગદર્શન થકી એક વીમા કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી પ્રાપ્ત કરી અને અથાગ પરીશ્રમ તેમજ વિશાળ મિત્રવર્તુળ, તેઓના એન.આર.આઇ પરીવારજનો ને વિમા વિશેનું સફળ અને સાચુ માર્ગદર્શન પુરૂ પાડી કંપનીમાં સૌથી વધુ બિઝનેશ મેળવનાર ટીમના મેનેજર તરીકે એવોર્ડ પ્રાપ્ત કર્યો અને પુરસ્કાર સાથે પ્રથમ માસના પગારનો રૂા.૫૨,૦૦૦/- નો ચેક અમને બતાવતા અમે સૌ એ તેમને ઉત્સાહ પૂર્વક અભિનંદન પાઠવ્યા.

મીત્રો જીવનમાં આપણી પાસે બીજાની સરખામણીએ શું નથી તેનો વિચાર કરી નિરાશ થવા કરતા ઇશ્વરે બક્ષેલ શક્તિઓ અને સગવડતાઓનો આત્મશ્રધ્ધા પૂર્વક સદઉપયોગ કરીશું તો ચોક્કસ સફળતા મળશે જ.

**– મનોજ જોષી**

## ।। શ્રી ગણેશાય નમઃ ।।
## માસિક રાશી ભવિષ્ય
(તા.૧/૯/૧૦ થી ૩૦/૯/૧૦)

(૧) મેષ રાશિ : (અ.લ.ઇ.)

ગૃહજીવનની સંવાદિતા યા ઘર્ષણનો સુખદ ઉકેલ લાવી શકશો. ધીરજ કુનેહની જરૂર છે. માનસિક ચિંતાના ભારથી મુક્ત થશો. ધંધામાં બહુ પ્રયાસે સફળતા, કામકાજ ઉકેલી શકશો. નવીન કાર્યનો પ્રારંભ થઇ શકે. આરોગ્ય સાચવવું.

(૨) વૃષભ રાશિ : (બ.વ.ઉ.)

આ સમયમાં લાંબી બિમારી થી સંકળાયેલાને મુક્તિ મળે. આરોગ્ય સુધરે આયુષ્ય વધે. આર્થિક પરેશાની વધે. કૌટુંબિક વિવાદ થાય. અશાંતિ સર્જક બનાવો સર્જાય. નોકરી ધંધાના પ્રશ્નોથી પણ માનસિક તાણ રહે. પ્રવાસ થાય. સંતાન અંગે સામાન્ય ચિંતા રહે.

(૩) મિથુન રાશિ : (ક.છ.ઘ.)

આ સમયે તમે તમારી નાણાકીય બાબતો સુવ્યવસ્થિત કરી શકશો. આર્થિક વ્યવહારો પ્રતિકુળ હોય નવા કામકાજો સ્થગિત રાખીને જુના વ્યવહારોને કોઇ નવા કામકાજો સ્થગિત રાખીને જુના વ્યવહારનેજ વ્યવસ્થિત કરવામાં ધ્યાન આપજો. ગૃહજીવનમાં અશાંતિ મતભેદ સર્જાય. હિતશત્રુ મુશ્કેલી સર્જે.

(૪) કર્ક રાશિ : (ડ.હ.)

આ સમયમાં આપને અણધારી પ્રતિકુળતા, નિષ્ફળતા જોવી પડે. ખર્ચ, ધન વ્યવના પ્રસંગો સામે સાવધ રહેવું. નાણાકીય બાબતે અગમચેતી દાખવવી. મિલ્કતના પ્રશ્ને ઉપાધિ સર્જાસે. આરોગ્ય સારુ રહેશે. પત્નીનો વિયોગ સહન કરવો પડે.

(૫) સિંહ રાશિ : (મ.ટ.)

આ સમય ખર્ચાળ નાણાકીય મુશ્કેલીનો જણાય. કામ અને જવાબદારીનો બોજ વધે માનસિક અશાંતિ વધે વિરોધી સામે ચકમક ઝરે. ટુંકમાં આ સમય આશાસ્પદ નથી. માનસિક સ્વસ્થતા જાળવવા તમારે વેદના વ્યથાનો અનુભવ થશે.

(૬) કન્યા રાશિ : (પ.ઠ.ણ.)

આપની આર્થિક સમસ્યાનો ઉકેલ મળતો જણાય. આવક વૃધ્ધિની તકો મળે. કૌટુંબીક કામકાજોમાં સફળતા મળે. જમીન મકાનના કાર્યો અંગે મુશ્કેલી ટેન્શન વધશે. આરોગ્યની કાળજી લેવી. સ્વજનનો સહકાર મળે. નોકરી ધંધાના ક્ષેત્રે લાભદાયી કાર્યરચના ઉન્નતિ યોગ છે.

(૭) તુલા રાશિ : (ર.ત.)

આ સમય અનેક રીતે આશાસ્પદ બનશે. આપની નાણાકીય પરિસ્થિતિ સુધરે તેમજ ખર્ચ વધે. પ્રવાસ થાય નવા સબંધ વધે. નોકરી પરીસ્થિતિ સુધરે તેમજ ખર્ચ વધે પ્રવાસ થાય નવા સબંધ વધે. નોકરીયાતોને સાનુકુળતા વધે. તેમના કામની કદર થાય. ઇચ્છા સફળ બનાવે. આરોગ્ય જળવાશે.

(૮) વૃશ્ચિક રાશિ : (ન.ય.)

આ સમયમાં આરોગ્ય સાચવજો. વિરોધી અને હિતશત્રુના કારણે માનસિક પીડાનો અનુભવ થશે નોકરી ધંધા માટે આ સમયમાં સફળતા યશ મળે. મકાન વાહનની મુશ્કેલી જણાશે. સ્નેહીમાં કુટુંબથી સુમેળ વધે.

(૯) ધન રાશિ : (ભ.ધ.દ.ઢ.)

નોકરી ધંધા તેમજ મકાન મિલ્કત બાબત આ સમય શુભ તેમજ મહત્વનો પુરવાર થશે. ઉચ્ચ કક્ષાના સબંધ લાભદાયી બને. માનસિક શાંતિ વધે. આ સમય તમારા ઉત્કર્ષ વિકાસ માટે મહત્વનો છે. સંતાનોના આરોગ્યની ચિંતા રહે. કુટુંબમાં સંવાદિતા બની રહે. આવકમાં વૃધ્ધિ જોવા મળે.

(૧૦) મકર રાશિ : (જ.ખ.)

આ સમય ખર્ચાળ નીવડશે. એક બીજા બહાને ખર્ચ કરવો પડશે. પરંતુ આવકના પ્રમાણમાં ખાસ કોઇ વધારો નહિ થાય. આમ વ્યવહાર ધંધામાં પણ મુશ્કેલીઓ જોવા મળે. ભાગ્યોદય સારો હોવાથી ભવિષ્ય માટે ચિંતા નથી. સ્નેહીઓથી સબંધ સુદ્રઢ બને નવીન કાર્યો માટે કેટલીક આર્થિક સિવાયની સાનુકુળતા જોવા મળશે. આ સમય માનસિક તાણ હેઠળ પસાર કરવો પડે.

(૧૧) કુંભ રાશિ :(ગ.સ.શ.ષ.)

આ સમય સુખ સગડતા સગવડતાઓની પ્રાપ્તિ થાય. નવી ખરીદી થશે. નોકરીયાતોને માનસિક તાણ વધે તેવા પ્રસંગો ઉપસ્થિત થાય. કર્મચારીઓ કે ઉપરી સાથે તંગ વાતાવરણ ન સર્જાય તે જો જો આવક વધે તો પણ ખર્ચ અન્ય રોકાણમાં દેખાય નહિ. સંતાનો માટે શુભ સમય છે. ગૃહ જીવનમાં સંવાદિતા રહે.

(૧૨) મીન રાશિ : (દ.ચ.ઝ.થ.)

આ સમયમાં આરોગ્ય બગડવાનો ભય છે. ગંભીર બિમારીનો ભય નથી. તમારી યોજનાઓને આગળ ધપાવવા તમે નાણાકીય વ્યવસ્થાઓ ઉભી કરી શકશો. નોકરીયાતને સાનુકુળ વાતાવરણ સર્જાસે. દાંપત્ય જીવનની સમસ્યાઓ હલ થશે.

લેખક : ઠાકોરપ્રસાદ શરદકાંત મહેતા (ચાંગા)
વધુ માહિતી માટે સંપર્ક :- ૯૯૨૫૧૦૩૯૪૦

## ખબર હશે તો ખપ લાગશે.

### ફુલદાની ની જાળવણી

✶ ફુલદાની ભરેલા પાણીની દુર્ગંધથી બચવા તેમાં એક ચમચો બ્લીચ નાખવું.

✶ ફુલોને ચાકુ અથવા કાતરથી જ કાપવા, સૂર્યોદય પૂર્વે કે અસ્ત બાદ તોડવા. કાપ્યા બાદ તુર્તજ પાણીમાં રાખવા. બહારથી લાવો તો પણ તેમ કરવું ખરીદવાનું થાય તો અધખીલેલી કળીઓ જ ખરીદી પાણીમાં રાખો.

✶ ફુલદાનીમાં પોણો ભાગ સ્વચ્છપાણી રાખવું અને પાણી નિયમીત બદલતા રહેવું. ગરમીમાં રોજ ઠંડીમાં ત્રણ દિવસે બદલવું પીળી પાંદડીઓ તોડી નાખવી.

✶ ફુલદાની રાત્રે ઉઘાડી બારી પાસે કે ઉજાસવાળા સ્થળે રાખવી.

✶ ફુલદાનીમાં સરકો અસ્પીરીન કે તાંબાનો સિક્કો નાખવાથી ફુલ તાજા રહે છે.

✶ વારંવાર પાણી ન બદલવું હોય તો ૨૫૦ મી.લી પાણીમાં એક અંશ હાઇડ્રોજન સલ્ફેટ ભેળવી આ ઘોળને ૧૦ લીટર પાણીમાં ભેળવી તેમાં થોડી સાકર ભેળવવાથી ૧૦ દિવસ સુધી ફુલ તાજા રાખી શકાય છે.

✶ એક લીટર પાણીમાં એક નાની ચમચી સાકર ભેળવી આ મિશ્રણથી ગુલાબ કળી પાણીમાં રાખવાથી લાંબા સમય સુધી તાજા રાખી શકાય છે.

✶ ફુલદાનીમાં પાણી બદલતા ફુલો આડા અવળા ન થઇ જાય તેની કાળજી રાખવી તથા ગુચ્છાને આડો કાપવો જેથી પાણી નીતરી જાય.

✶ ફુલદાનીમાં દુર્ગંધ દૂર કરવા ફુલદાની સાફ કરી ડાળખીને નીચેથી ત્રાંસી કાપી પાણી બદલી તેમાં એક ટુકડો કોલસો નાખવો.

### પુસ્તકોની જાળવણી

✶ જુના પુસ્તકોને જીવાતથી રક્ષણ આપવા પુસ્તકની અભરાઇએ તમાકુ ભભરાવી દેવી અથવા મેન્થોલની ગોળી મુકો.

✶ પુસ્તકોમાં ઉધય ન થાય તે માટે તેની સાથે ત્રણ ચાર લાલ સૂકા મરચા રાખવા.

✶ પુસ્તકોને ભેજથી બચાવવા પોલીથીન બેગમાં રાખો.

✶ લીમડાના સૂકા પાન પુસ્તકમાં રાખવાથી ઉધય થતી નથી.

✶ પુસ્તકોના ખાનામાં જીવાત ન થાય તે માટે ખાનામાં ચંદનનો ટુકડો મુકવો.

– કનુભાઇ નાયબ મામલતદાર
રમેશભાઇ

## પ્રથમ જીવનસાથી પસંદગી સંમેલન વિશે પ્રતિભાવ

(૧) સમસ્ત બ્રહ્મ સમાજનું જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન આપના દક્ષ દ્રષ્ટિ પરીવાર દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું તે બદલ હું આપને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. અને આપે દક્ષ દ્રષ્ટિ પરીવારમાં જે મારૂ સન્માન કર્યું તે બદલ હું ખૂબ ગર્વ અનુભવું છું.

– બદ્રીપ્રસાદ જે. શર્મા (દાહોદ)

(૨) દક્ષ દ્રષ્ટિ સામાયિક સમાજના અને ખાસ કરી બ્રાહ્મણ સમાજના ઘડતરમાં ખૂબ જ પ્રભાવશાળી કાર્ય થઇ રહ્યું છે. સમાજને મદદરૂપ અને સહાયકર્તા બને છે. અમારો નિઃસ્વાર્થ અને પ્રામાણિક સહકાર સદા મળી રહેશે.

– મનુભાઇ સી. જોષી (અમદાવાદ)

(૩) આજના સ્પર્ધાત્મક યુગમાં માહિતીનો પ્રચાર પ્રસાર કરવો એ ખૂબ જ મહત્વનું કામ છે. આપે માહિતી મેળવવા માટે સમય અને પૈસાનો વ્યય થાય તેમ છતા અપ્રાપ્ય માહિતી પૂરી પાડે છે જીવનસાથી પસંદગીની તક એકજ સમયે એકજ સ્થળે ઉભી કરી ખરેખર લોકોપયોગી અગત્યનું કાર્ય કર્યું છે. આપનું કાર્ય ઘણા લોકોને દક્ષ દ્રષ્ટિના માધ્યમથી આશીર્વાદરૂપ બની રહેશે જ તેની મને ખાત્રી છે. આવા કાર્યક્રમો ભવિષ્યમાં કરો ત્યારે આનાથી વધુ સારી સફળતા પ્રાપ્ત થાય તેવી અમારી શુભેચ્છાઓ છે.

– વિજય પી.દાણી (મોડાસા)

(૪) આપશ્રી દ્વારા પ્રકાશીતદક્ષ દ્રષ્ટિના તમામ લેખો મેં વાચ્યા છે. આપ વર્તમાન કલીયુગમાં એક શ્રવણ સમાન કાર્ય કરો છો. આપના તંત્રીલેખોનું વર્ણન અને અન્ય સાહિત્ય સાથેના લેખોના શબ્દો ખરેખર મનનીય અને પ્રશંશનીય છે. અમારા આખા કુટુંબને દક્ષ દ્રષ્ટિ અંક વાંચવાની તમન્ના ઘણીજ હોય છે. કારણ બાળ દ્રષ્ટિ, નારી દ્રષ્ટિ, ધર્મ ચેતના, જ્ઞાન અને માનવ જીવન ઘડતર કરવા માટે સહાયક છે. જેમાં સમાજના સંસારના ધર્મના દરેક પ્રકારના વિવરણ આવી જાય છે. આપશ્રી એક સદ્‌ભાગ્ય માતા-પિતાના પુત્ર રત્ન છો અને કરવાનું મહત્વનું કાર્ય સૌને માટે કરી રહ્યા છો.

– માર્કન્ડરાય પી. ગોર. (મુંબઇ – ૪)

(૫) તા.૧૮/૭/૨૦૧૦ના રોજ સુંદર સમારંભ યોજ્યો, તમારી આયોજન કુશળતાને અભિનંદન. વિદ્વાન અને તેજસ્વી બ્રાહ્મણ બંધુઓને નિમંત્ર્યા, સૌનુંસુંદર સન્માન તથા સ્મૃતિ ચિન્હ અર્પણ કર્યું. બહુ સુંદર સ્નેહ સંમેલનથી નડીઆદનું ગૌરવ વધાર્યું. તમારા સૌ સક્રિય કાર્યકરોને પણ સપ્રેમ સ્નેહ વંદન. દક્ષ દ્રષ્ટિ વધુ સારી પ્રગતિ કરે તેવી શુભેચ્છા.

– રમણલાલ મ.જોષી(અમદાવાદ)

(૬) શ્રી મનોજભાઇ તમારા તેમજ તમારા પિતાશ્રી ની દીર્ઘ દ્રષ્ટિ, સંનિષ્ઠ કાર્ય નિષ્ઠા, તેમજ પ્રચંડ પુરૂષાર્થથી આ શુભ કાર્ય ઘણાજ શાંતિ-આનંદના અલ્હાદક વાતાવરણમાં નિર્વિઘ્ને પાર પડ્યુ તે જ ઉત્સાહ અને ધગશ સાથે તમોએ ટુંક સમયમાં પવિત્ર શ્રાવણ માસમાં ધાર્મિક પ્રવાસયાત્રાનું આયોજનનું બીજુ મંગલા ચરણ કર્યું છે. તે પણ એક બિરદાવવા યોગ્ય બેનમુન કાર્ય છે.

દક્ષ દ્રષ્ટિ માસિક કેવળ બ્રહ્મ સમાજ માટે નહિ, પણ સમસ્ત વેદ સંસ્કૃત અને ભારતીય સભ્યતાના પ્રત્યેક ચાહક માટે વિવિધ ધાર્મિક લેખોની કટારો જેમકે ધર્મચેતના, આ વેદમાં છે શું તેમજ નારી દ્રષ્ટિ, બાળ દ્રષ્ટિ, જ્યોતિર્ષ શાસ્ત્ર, વાસ્તુ શાસ્ત્ર, મારફત ઉંડુ અને તલસ્પર્શી સાહિત્યનો આસ્વાદ પીરસાય છે. જે કદી બેસ્વાદ જણાતો નથી. તદુપરાંત જુદા જુદા બ્રાહ્મણ સમાજો મારફત થતી વિવિધ પ્રવૃત્તિના સમાચારની સપ્તરંગી ધોધમાર ધારા વહેતી માલુમ પડે છે. આમ આપણે ઘેર બેઠા અનેક માહિતી મેળવી શકીએ છીએ. સૌને શુભેચ્છા સાથે અભિનંદન.

– શરદભાઇ ભટ્ટ (નડીઆદ)

# ઈન્ટરનેશનલ ગુજરાતી બ્રાહ્મણ મહાસભા દ્વારા વિશ્વભરમાં વસતા અનેક ગુજરાતી બ્રહ્મ પરીવારોના લાભાર્થે વેબપોર્ટલ નું આયોજન.

સંદેશ વ્યવહારના માધ્યમોની હરણફાળે વિશ્વને ખોબા જેવડુ કરી મુકતા, ધર્મ, નાત - જાતના વાડા સીમાડા ભુંસાઇ રહ્યા છે. પરંતુ ભૌગોલિક સરહદો સાંકડી થતા પોતાની જ જ્ઞાતિના ઉંમરલાયક સંતાનો વિવિધ ક્ષેત્રોમાં વિશ્વના ખૂણે ખાચરે કારકિર્દિની કેડી કંડારવા લાગ્યા છે. જેને પરીણામે જ્ઞાતિજનોના સંતાનો વચ્ચે ધનિષ્ઠ પરીચયની ખાઇ વધવા માંડી છે.

આ વાતાવરણમાં યોગ્ય પાત્રો મેળવવાના અત્યંત જટીલ અને મુંઝવણ ભરી સમસ્યાના સમાધાન માટે આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતી પરીણામ લક્ષી અતિ શિસ્તબધ્ધ સંસ્થા " ઈન્ટરનેશનલ ગુજરાતી બ્રાહ્મણ મહાસભા" પૃથ્વીના ફલક પર પ્રથમ વાર ગુજરાતી બ્રાહ્મણોના લાભાર્થે " વેબ પોર્ટલ - **Web portal** " તૈયાર કરી રહી છે. આ વેબ પોર્ટલના મેટ્રીમોનીયલ સેકશન (લગ્નવિષયક વિભાગ)માં આપનું સ્વાગત છે.

પ્રથમ સોપાનરૂપે ઉમેદવારોના રંગીન ફોટા તથા વિગત સાથેની એક ડીરેકટરી નું પ્રકાશન કરવામાં આવશે. આ ડીરેકટરીનું ભારત અને ભારત બહાર વિપુલ સંખ્યામાં વિતરણ કરવામાં આવશે. સભ્યપદ લેનાર યુવક - યુવતીને આ ડીરેકટરી ઘર બેઠા પહોંચતી કરવામાં આવશે. ઉપરાંત જ્યારે વેબ પોર્ટલ શરૂ થશે ત્યારે ત્રણ મહિના માટે વેબ પોર્ટલમાં વિના મુલ્યે સભ્યપદ મળશે.

ઉપરોક્ત બાબતે વધુ માહિતી તેમજ માર્ગદર્શન મેળવવા આપ આ સંસ્થાના નીચે જણાવેલ નજીકના અધિકૃત કેન્દ્રનો સંપર્ક રૂબરૂ અથવા ફોન દ્વારા કરી શકશો.

| | | | |
|---|---|---|---|
| (૧) | ફોર્ટ - મુંબઇ | રાજેન્દ્ર વી. ભટ્ટ | ૦૯૮૨૧૦ ૫૭૧૭૭ |
| (૨) | કોલાબા-મુંબઇ | રમેશ આર.જોષી | ૦૯૮૬૭ ૨૦૪૯૬૦ |
| (૩) | દાદર - મુંબઇ | બંદિશ એમ.રાવલ | ૦૯૮૨૦૭ ૮૩૫૮૮ |
| (૪) | બાન્દ્રા | બાબુભાઇ ઓઝા | ૦૯૮૧૯૨૭૧૧૯૬ |
| (૫) | શાન્તાક્રુઝ(વેસ્ટ) | ગોપાલ એન.પંડ્યા | ૦૯૮૩૩૩૭૪૮૧૧ |
| (૬) | વિલેપાર્લા | મેહુલ આર.ભટ્ટ | ૦૯૮૯૨૧૬૮૬૩૯ |
| (૭) | અંધેરી | છાયાબેન એમ.ભટ્ટ | ૦૯૩૨૩૯૫૫૮૨૨ |
| (૮) | જોગેશ્વરી | કુમુદ એસ.કપાડીયા | ૦૨૨ ૨૮૨૦૦૭૨૧ |
| (૯) | ગોરેગાંવ | રવિન્દ્ર જાની | ૦૯૨૨૩૩૬૫૨૭૮ |
| (૧૦) | કાંદીવલી | ધીરેન કે.વ્યાસ | ૦૯૮૬૭૪૧૬૬૫૯ |
| (૧૧) | બોરીવલી | નરેશ દવે | ૦૯૩૨૩૫૬૫૫૯૭ |
| (૧૨) | દહીસર | જનક ઠાકર | ૦૯૬૧૯૪૮૫૯૨૦ |
| (૧૩) | ભાયંદર | નીશા ચેતન ગોર | ૦૯૩૨૧૫૯૦૮૯૮ |
| (૧૪) | વસઈરોડ | વિરેન્દ્ર પંડ્યા | ૦૯૬૬૫૧૯૬૫૯૭ |
| (૧૫) | નાલાસોપારા | મુકેશ બી.ત્રિવેદી | ૦૯૦૨૨૯૧૨૧૩૦ |
| (૧૬) | વિરાર | હરીહર ઓ.ભટ્ટ | ૦૯૪૨૨૬૬૬૨૫૧ |
| (૧૭) | કુર્લા | દિલીપ મહેતા | ૦૯૮૧૯૮૨૪૭૪૭ |
| (૧૮) | ઘાટકોપર | ઈલાબેન વ્યાસ | ૦૯૮૨૧૯૧૮૬૦૫ |
| (૧૯) | ભાંડુપ | હિંમતલાલ યાજ્ઞિક | ૦૯૩૨૨૬૬૧૪૫૧ |
| (૨૦) | મુલુંડ | હર્ષદભાઇ જોષી | ૦૯૮૬૯૯૪૪૬૬૬ |
| (૨૧) | થાણા | હરસુખભાઇ પંડ્યા | ૦૯૩૨૩૯૩૬૨૯૯ |
| (૨૨) | કલ્યાણ | હસમુખભાઇ દવે | ૦૯૮૨૧૧૬૯૧૦૨ |
| (૨૩) | નવીમુંબઇ | વિનોદભાઇ ડી.ત્રિવેદી | ૦૯૮૨૧૭૧૧૯૬૦ |
| (૨૪) | પુના | વિજય ડી. વ્યાસ | ૦૯૮૯૦૮૬૨૬૬૦ |
| (૨૫) | નાસિક | હિતેષભાઇ જોષી | ૦૯૯૬૦૪૪૧૩૨ |
| (૨૬) | નાગપુર | યોગેશ જોષી | ૦૯૪૨૩૧૦૪૮૧૫ |
| (૨૭) | સોલાપુર | ડૉ.જે.બી.ઠાકર | ૦૯૪૨૨૪ ૬૦૬૦૨ |
| (૨૮) | અહમદનગર | અખિલેશ જોષી | ૦૯૩૭૨૪૧૬૮૧૬ |
| (૨૯) | ગોવા | રાજીવ જોષી | ૦૯૮૨૨૧૯૦૧૧૧ |
| (૩૦) | ઈન્દોર | અશોક બી.પંડ્યા | ૦૯૪૨૫૦ ૮૧૧૮૧ |
| (૩૧) | હૈદરાબાદ | નવરત્નભાઇ વ્યાસ | ૦૯૩૦ ૩૩૨૭૭૩૮ |
| (૩૨) | ધનબાદ | હરીશ જોષી | ૦૯૮૩૫૧૬૧૯૫૭ |
| (૩૩) | બેંગ્લોર | ભાવિક રાવલ | ૦૯૮૮૮૦૮૨૨૭૭ |
| (૩૪) | ચેન્નાઇ | વરૂણ જપી | ૦૯૮૪૧૦૭૦૭૯૮ |
| (૩૫) | ગુરગાંવ | કે.કુમાર વ્યાસ | ૦૯૮૧૦૦૭૭૭૮૮ |
| (૩૬) | દિલ્હી | પ્રફુલ્લ જોષી | ૦૯૮૭૩૩૬૧૦૬૧ |
| (૩૭) | કોઈમ્બતુર | હર્ષદ જોષી | ૦૯૪૪૩૮૮૯૧૦૯ |
| (૪૦) | કોલકતા | ગીતાબેન મહેતા | ૦૯૮૩૦૮ ૯૯૧૭૧ |
| (૪૨) | કોચીન | ભરત પંડ્યા | ૦૯૪૪૭૦૨૯૦૪૭ |
| (૪૩) | જમશેદપુર | હરીશભાઇ દવે | ૦૯૪૩૧૧૩૧૦૮૭ |
| (૪૪) | અમદાવાદ | મયુર જાની | ૦૯૩૨૮૦૨૩૧૬૨ |
| (૪૫) | અમદાવાદ | કમલેશભાઇ પંડ્યા | ૦૯૪૨૭૦૨૨૨૩૯ |
| (૪૬) | ગાંધીનગર | નારાયણભાઇ વ્યાસ | ૦૯૪૨૬૪૧૭૮૮૦ |
| (૪૭) | વડોદરા | હસમુખભાઇ પાઠક | ૦૯૪૨૭૪૦૪૨૧૦ |
| (૪૮) | સુરત | ધનવંતભાઇ પંડ્યા | ૦૯૮૯૧૦૭૦૧૬૨ |
| (૪૯) | વલસાડ | અશ્લેશ ઉપાધ્યાય | ૦૯૮૨૫૭૭૧૨૭૦ |
| (૫૦) | વાપી | નવનીત પંડ્યા | ૦૯૭૨૬૬૦૭૬૫૧ |
| (૫૧) | પાલનપુર | કનક પી.પંડ્યા | ૦૯૮૨૫૩૬૬૯૬૩ |
| (૫૨) | વસઈ-ડાભલા | ઈન્દુબેન જાની | ૦૯૪૨૭૬૭૫૫૮૫ |
| (૫૩) | હિંમતનગર | ચંદ્રકાન્ત વ્યાસ | ૦૯૮૨૫૮ ૩૮૪૬૦ |
| (૫૪) | ખેડબ્રહ્મા | હરીકૃષ્ણ જોષી | ૦૯૯૭૯૨૬૬૭૭૬ |
| (૫૫) | માલપુર | હરેશભાઇ ગોર | ૦૯૪૨૮૧૩૩૧૦૫ |
| (૫૬) | મહેસાણા | અશ્વિન યાજ્ઞિક | ૦૯૮૨૫૩૦૯૫૯૮ |
| (૫૭) | મોડાસા | અતુલભાઇ રાવલ | ૦૯૯૭૯૪૧૬૫૬૬ |
| (૫૮) | ગાંધીધામ | જીતેન્દ્રભાઇ વ્યાસ | ૦૯૮૯૮૦૩૮૫૮૬ |
| (૫૯) | ભૂજ | શુશિલભાઇ દવે | ૦૯૮૨૫૨૨૫૮૧૮ |
| (૬૦) | રાજકોટ | સુધિરભાઇ મહેતા | ૦૯૮૨૪૫ ૧૨૭૨૪ |
| (૬૧) | જુનાગઢ | કાર્તિક ઉપાધ્યાય | ૦૯૮૨૫૦૭૬૪૬૪ |
| (૬૨) | જામનગર | જયેશભાઇ જોષી | ૦૯૮૯૮૩૯૭૧૭૪ |
| (૬૩) | ભાવનગર | પ્રસ્વાણભાઇ દવે | ૦૯૪૨૬૫૯૬૮૯૦ |
| (૬૪) | વેરાવળ | મુકેશભાઇ શુક્લ | ૦૯૪૨૬૪૭૬૪૦૩ |
| (૬૫) | પોરબંદર | રાજુભાઇ પંડ્યા | ૦૯૮૭૯૦૧૯૭૭૦ |
| (૬૬) | જોરાવરનગર | હસમુખરાય જાની | ૦૯૯૨૫૪૭૪૭૬૯ |
| (૬૭) | અમરેલી | રોહિત મહેતા | ૦૯૪૨૬૭૩૫૦૩૦ |
| (૬૮) | મોરબી | શ્રધ્ધાબેન રાવલ | ૦૨૮૨૨-૨૩૧૬૮૧ |
| (૬૯) | ગોંડલ | જયંતિલાલ મહેતા | ૦૯૮૭૯૫૨૧૫૨૦ |
| (૭૦) | લીમડી | મહેન્દ્રભાઇ વ્યાસ | ૦૯૩૭૪૧૦૧૪૫૩ |
| (૭૧) | ઉપલેટા | હિંમતલાલ રાવલ | ૦૯૯૭૯૬૪૧૫૧૯ |
| (૭૨) | યુ.એસ.એ. | હેમાલી આર.જોષી | ૦૦૧૬૩૦૩૬૯૭૧૫૭ |
| (૭૩) | કેનેડા | રશ્મીકાંન્ત વ્યાસ | ૦૦૧૯૦૫૮૮૯૨૨૭૦ |
| (૭૪) | દુબઇ | કાર્તિકભાઇ ગોર | ૦૦૯૭૧૫૦૪૨૬૯૮૮ |
| (૭૫) | લંડન | દિનેશ પંડ્યા | ૦૦૪૪૨૦૮૮૯૭૭૭૫ |

**(૭૬) દક્ષ દ્રષ્ટિ કાર્યાલય. નડીઆદ**
**૯૮૨૫૪ ૪૯૫૦૫, ૯૪૨૮૦ ૫૮૬૨૯**
**(ઓ) ૦૨૬૮-૨૫૬૪૨૩૨,**

## બ્રાહ્મણ પ્રતિભાને વંદન

પૌરાણીક ઋષિમુનિઓને તેજસ્વી ભુદેવોને યાદ કરવાથીય પવિત્ર અને પ્રાણવંત વિચારોનો વારસો મળે છે. એ મહાનુભાવોને સાષ્ટાંગ દંડવત પ્રણામ એ જ્યોતિધરોએ ભારતીય સંસ્કૃતિને દિપાવી સમાજે તેમને ભૂદેવો કહી સન્માન્યા. હવે આધુનિક ભૂદેવોની વાત કરીએ.

મહાન સ્વાતંત્ર્ય સેનાની શ્રીકૃષ્ણ વર્માએ ઘોષણા કરી - ગાંધીજી રાષ્ટ્રપિતા - તો દયાનંદ સરસ્વતિ (રાષ્ટ્ર પિતામહ) સ્વરાજનો પ્રથમ શંખનાદ તેમણે કર્યો હતો. ટંકારાનો બ્રાહ્મણ યુવકે સમસ્ત બ્રાહ્મ સમાજને જગાડ્યુ ગામડે ગામડે સરસ્વતિ મંદિરો સ્થાપ્યા તેજસ્વી યુવકોને ઉભા કર્યા - દોડતા કર્યાએ મહર્ષિને પહેલા વંદન.

સ્વરાજ્યની ક્રાંતિના મહારથીઓ માં મુખ્યત્વે બ્રાહ્મણોજ મોખરે હતા. મહાત્મા ગાંધીજીને પ્રથમ મહાત્માનું બિરૂદ આપનાર ગોંડલના બ્રાહ્મણ વૈદ્યરાજ હતા. સંસ્કૃતમાં માનપત્ર આપ્યું. મહાત્મા કહી બિરદાવ્યા.


ગાંધીજીના લગભગ બધાજ સાથીદારો બ્રાહ્મણોહતા. લોકમાન્ય તિલક અને ગોખલેને ગાંધીજીએ ગુરૂ કર્યા- ગાંધીજીના રહસ્યમંત્રી મહાદેવભાઇ દેસાઇ તેમની સલાહ સુચન પ્રમાણે જ ગાંધીજી વર્તે બોલે - આશ્રમની પ્રવૃત્તિઓ આચાર્ય ક્રીપલાની મામા ફાડકે ઠક્કરબાપા વિગેરે ગોઠવે વિનોબાભાવે, કાકા કાલેલકર, રવિશંકર મહારાજ સૌ જનતાને જગાડે.

વીર સાવરકર વીર બ્રાહ્મણ બન્યા. ગાંધીજીનો સાંસ્કૃતિક ગુરૂ નરસિંહ મહેતા - વૈષ્ણવજનનો તેને કહીએ - સાચા વૈષ્ણવ બનાવ્યા.

સ્વરાજ ચળવળમાં અગ્રેસરો વધુ બ્રાહ્મણો હતા. વધુ જેલમાં ગયા. એ હકીકત પ્રખર સ્વમતંત્ર્ય સેનાની શ્રી કમળાશંકરની આત્મકથામાં છે. તે પુસ્તકને સુરત સાહિત્ય પરિષદે સુવાર્ણ ચંદ્રક અર્પણ કર્યો તે પુસ્તકમાં મારૂ પણ નામ છે. (૧૯૩૭ પંચમહાલ રેવા કાંઠા યુવક પરિષદના સ્વાગત મંત્રી શ્રી રમણભાઇ મ.જોષી - ગોધરા શ્રી કમળાશંકર પંડ્યાને વંદન.)

**– રમણભાઇ મ.જોષી**

## નાગદેવતા ગોગાજી મહારાજે આપેલા અભૂતપૂર્વ દર્શન



કાલોલ હાઉસીંગ સોસાયટીના હર્ષદભાઇ જોષીના મકાનમાં બીજા મજલે તા.૧૯/૮/૧૦ના રોજ રાત્રે ૧૦.૩૦ કલાકે નાગદેવતા (ગોગાજી મહારાજ) સ્વયં પ્રગટ થયા હતા. હર્ષદભાઇના પુત્રવધુ અ.સૌ.ફાલ્ગુનીબેને પ્રથમ મજલે અગાસીનું બારણું ખોલતા નાગદેવતાએ તેમને પ્રથમ દર્શન આપ્યા હતા. આ હકીકત તેમણે મકાનના નીચેના ભાગમાં આવી સર્વે કુટુંબીજનોને જણાવતા બધાએ અગાસીમાં જઈને બારીમાંથી અરીસામાં તેમનું પ્રતિબિંબ જોતા નાગદેવતા ફેણ ચઢાવેલ મુદ્રામાં બેઠેલ હતા. આ કુટુંબ વર્ષોથી પૂ.ગોગાજી મહારાજનું પરમ ભક્ત છે. અને કાલોલમાં વિશાળ ગોગાજી પરીવાર વસે છે તે બધાને ફોનથી જાણ કરતા પરીવારના એકસો જેટલા ભક્તો દર્શન માટે આવેલા અને બધાએ નાગદેવતાની પાસે જઈ ભજન કિર્તન કરી કંકુ, ફુલ દીપ થી તેમની પૂજા અર્ચના કરી હતી. રાત્રે એક વાગ્યા સુધી પૂજ્ય નાગદેતા ફેણ ચઢાવીને શાંત મુદ્રામાં બેઠેલ હતા. અઢી કલાક જેટલો સમય દરેક ભક્તોએ ભજન પૂજા અર્ચનામાં વિતાવેલો હતો. ત્યાર પછી પૂજ્ય નાગદેવતાએ અગાસીમાં દાદર નીચેના ભાગમાં વિશ્રામ કર્યો હતો. અને તા.૨૦/૮/૨૦૧૦ને અગીયારસ ના દિવસે રાત્રે ૧૦ કલાકની આસપાસ ફરીથી દર્શન આપ્યા હતા. તે સમયે ઉનાવા (ગાંધીનગર) ના ગોગાજી મંદિરના ભક્ત શ્રી નાગજીભાઇ પધારેલા હતા. તેમણે પૂજ્ય બાપાની કંકુ, ફુલ, દીપ થી પૂજા કરી સોનાની માળા પહેરાવી હતી. બે કલાક સુધી આ નાગદેવતાના દર્શનનો લાભ સૌ પરીવારજનોએ લીધો હતો. અને કોઈ પણ જાતના ભય વિના આ અલભ્ય દર્શનનો લહાવો માણ્યો હતો. ત્યાર પછી પૂજ્ય બાપા સ્વસ્થાન તરફ પ્રયાણ કરી ગયા હતા. તેની ફોટોગ્રાફી અને વિડીયોશુટીંગ પણ કરવામાં આવ્યું હતું.

**– હર્ષદભાઈ જોષી (કાલોલ)**

## અવસાન નોંધ

અડપોદરા નિવાસી જોષી હીરાબેન દિનેશભાઇ તા.૧૨/૮/૨૦૧૦ના રોજ દેવશરણ થયા છે.

સરડોઇ નિવાસી હીરાબેન રામશંકર નું તા.૧૬/૮/૨૦૧૦ ના રોજ ૬૫ વર્ષની વયે મુંબઇ મુકામે દુઃખદ અવસાન થયુ છે.

- કમલેશભાઇ એમ.પંડ્યા

અડપોદરા નિવાસી (હાલ મુંબઇ) આચાર્ય પ્રવિણભાઇ ભાઇશંકર નું તા.૨૫/૮/૨૦૧૦ના રોજ આશરે ઉ.વ.૬૦ ની વયે દુઃખદ અવસાન થયુ છે.

અડપોદરા નિવાસી પંડ્યા કાંન્તીલાલ ધીરજલાલ (હાલ વસઇ-મુંબઇ) નું ૮૦ વર્ષની વયે વસઇ મુકામે દુઃખદ અવસાન થયુ છે.

- પુરૂસોત્તમદાસ એન.પંડ્યા (અડપોદરા)

વેજલપુર નિવાસી રજનીકાંન્ત શંકરલાલ ઠાકોર તા.૨૧/૭/૨૦૧૦ના રોજ દેવશરણ થયા છે.

- પ્રવિણભાઇ પંડ્યા

ચોઇલા નિવાસી (હાલ મુંબઇ) ગોર સાવિત્રીબેન ડાહ્યાલાલનું ૮૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયુ છે.

- નટવરલાલ સી. જોષી (ચોઇલા)

શિક્ષણ જગતના અગ્રણી અને શહેરા હાઇસ્કુલના નિવૃત્ત આચાર્ય શ્રી સુરેશચંદ્ર રામચંદ્ર ઠાકોર નું તા.૨૫/૮/૧૦ના રોજ ૭૦ વર્ષની વયે ગોધરા મુકામે દુઃખદ આવસાન થયુ છે. સદ્ગતનું બેસણું તા.૪/૯/૨૦૧૦ને શનિવારના રોજ તેમના નિવાસસ્થાને રાખવામાં આવ્યું હતું.

પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે અને સદ્ગતના કુટુંબીજનોને અકાળ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી "દક્ષ દ્રષ્ટિ" પરીવાર તરફથી પ્રભુને પ્રાર્થના.

**– દક્ષ દ્રષ્ટિ**

# ગૃહકાર્ય કરતી ગૃહિણીનું મુલ્ય

સૃષ્ટિના સર્જનમાં સ્ત્રી, પુરૂષ, (નર-માંદા) બંન્નેને એક દિશા, દ્રષ્ટિ અને ધ્યેય પ્રાપ્ત હોવાથી જ સંસારિક મુલ્ય અનેક ઘણું વધી જાય છે. તેમાં કુટુંબ સુખ, આનંદથી સુખી સંસાર ખીલી ઉઠે છે. એમાં મુખ્યત્વે સુખ આપનાર સાધનોમાં સ્ત્રી અને ખોરાક મહત્વનો ભાગ ભજવે છે. કોઇપણ વ્યક્તિને સારી રીતે જીવવા માટે કુટુંબ, મીત્રો, લાગણીની જરૂર પડે છે. સંપત્તિ, સંતતિ અને સન્મતિનો જ્યાં સમન્વય થયો હોય ત્યાં સહુ કોઇ સહભાગી થાય છે. ત્યારે સુખ અનુભવાય છે. તેમાં ગૃહિણીની વિવિધ સેવાઓ, નિઃસ્વાર્થ પ્રવૃત્તિઓ અને દરેક સાથેનો ઓતપ્રોત થયેલ સબંધ જ કુટુંબની દરેક વ્યક્તિની કાર્યશક્તિ વધારે છે. નવિન સર્જનાત્મક શક્તિ બક્ષે છે. તેનું મૂળ ગૃહિણીનો પ્રેમ, ખોરાક અને આહારની દરેક સભ્યની રૂચિ અને જરૂરીયાત ને જાણવાની અને તે પ્રમાણે વ્યવસ્થા કરવાની વિશિષ્ટ કળા ગૃહિણીને ગૃહમાતાનો દરજ્જો અપાવે છે. સમાજ શાસ્ત્રીઓ અને ન્યુટ્રીશનોના મતે ગૃહિણી એટલે રસોડાના ડોકટર, ઘરના સભ્યોના સાચા સલાહકાર કારણ ઘરમાંનું વાતાવરણ સુમેળભર્યું અને સ્વાસ્થ્ય ભર્યુ જાળવવામાં ગૃહીણીઓ ઘણી મહત્વની જવાબદારીઓ અદા કરે છે. જો વ્યક્તિ ને દરરોજ સારો પોષણયુક્ત ખોરાક મળે તો તેનું દૈનિક જીવન સ્વસ્થ સબળ અને સર્જનાત્મક બની રહેશે. તે ફરજ ગૃહિણી સારી રીતે બજાવે છે. તેથી કુટુંબના સભ્યોની કાર્યદક્ષતા વધારવા કે ઘટાડવાનો આધાર ગૃહિણીના રસોડામાંથી પીરસાતી વાનગીઓ સાથેના વ્યવહારો પર છે. તેથી જ ઘર એ ઘર બની રહે. મકાન ઘરનો ધબકાર જ ગૃહિણી છે.

તેવું જ ગૃહિણીઓને બાળ ઉછેર, બાળ સંસ્કાર, બાળ ઘડતર, અને બાળ માનસ વિચાર વૃત્તિની પણ વિશેષ જવાબદારી વહન કરવાની હોય છે. તેથી જ માતા એ ૧૦૦ શિક્ષકોની ગરજ સારે છે. બાળકને માતા જે પ્રેમ આપે, જે કંઇ વિચાર આપે તે બાળક વિના દલીલે સ્વીકારે છે. બાળક માતાને પોતાના અંતરમાં ઉઠતા વિવિધ પ્રશ્નો પણ પણ કરે છે. ક્યારેક બાળક આવા પ્રશ્નોમાં માતાને મુંઝવણમાં મુકી દે છે. તો પણ બાળકનું ઘડતર માતા દ્વારા જ થાય છે. તેની તુલના થઇ શકે નહિ. આવા તો નાના મોટા અનેક કાર્યો ગૃહીણી સંભાળે છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં પત્નિને અર્ધાંગના કહેવામાં આવી છે. આનો અર્થ જ એ છે કે ઘર ચલાવવાની અડધી જવાબદારી ગૃહિણી વહન કરે છે. પતિ બાહ્ય પ્રવૃત્તિથી

## નારી દ્રષ્ટી

આર્થિક ઉપાર્જન કરી લાવે તો ગૃહિણી (પત્નિ) ઘરની આંતરીક વ્યવસ્થા સુવિધા અને જવાબદારી જાળવી રાખે છે. જેથી સમગ્ર કુટુંબની કાર્યશક્તિ અને સમાજમાં તેનું સાચુ પ્રતિબિંબ પાડે છે.

આજના આધુનિક યુગમાં માનવનું મુલ્ય નાણામાં માપવામાં આવે છે. તેનાથી અનેક અનર્થ ઉભા થાય છે. તેમ છતા કુટુંબના સુખ, સ્વસ્થ્ય અને આરોગ્ય સાથે કાર્યદક્ષતાનો સીધો સબંધ જાળવી રાખવામાં ગૃહિણીની સેવાઓ પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ રીતે પણ ઉત્પાદકતામાં વધારો કરે છે. તેનું મુલ્ય અમુલ્ય છે. તેને નાણાંના માપ દંડથી કદી માપી શકાય જ નહિ. આપણા હિન્દુ ધર્મ શાસ્ત્રો એટલે જ માતા-પિતા અને ગુરૂ ઋણને કદી ચુકવી શકાય તેમ નથી. તેવું કહેવાય છે. તે સમજદાર વ્યક્તિ જ સારી રીતે સમજી શકે અન્ય નહિ સમજી શકે.

કોઇપણ સમાજ કુટુંબનો બનેલો છે. અને કુટુંબને સારી રીતે જાળવી રાખવામાં સ્ત્રીનું યોગદાન મહત્વનું છે. ભારતના વિકાસમાં ભારતીય સમાજનો ભારતીય કુટુંબનો અને ભારતીય ગૃહીણીનો વિકાસ અને ઉધ્ધાર પહેલો કરવો પડશે. તેમના વિચારો, વૃત્તિઓ, વલણો અને વર્તનોને યોગ્ય રીતે સાચી દિશા, દ્રષ્ટિ અને દશામાં વાળવા પડશે. તેમના સંસ્કારો અને અંતઃકરણની ઉર્મીઓને સમજવા પડશે. સમજો અને સાચવો ગૃહકાર્ય કરતી ગૃહીણીનું મુલ્ય ઓછુ કદી ના આંકી શકાય. ગૃહિણી એ ઘરની શોભા છે. ઘરની લક્ષ્મી છે.

**– દિપા જોષી**

---

## બાળ દ્રષ્ટી જીવન ઘડતર ના મુલ્યો.

મીત્રો,

માનવ જન્મમાં જીવન ઘડતરની ખાસ આવશ્યકતા રહે છે. કારણ માનવને પરમાત્માએ વિશેષ બુધ્ધિ આપી છે. તેના વડે જીવન પુષ્પને ખીલાવે છે. અને જીવન સુગંધ પણ પ્રસરાવે છે. તેમ છતા બધા માનવોની બુધ્ધિ, પ્રકૃતિ અને પ્રવૃત્તિ એક સરખી નથી હોતી સમજ અને જ્ઞાનનો તફાવત દરેક માનવમાં જોવા મળે છે. તો પણ માનવ જીવન ઘડનારા અનેક પરીબળોમાં સમય, સબંધો, સંપર્કો, સમજણ અને વ્યવહારો ભિન્ન, ભિન્ન રીતે એક બીજા સાથે સંકળાયેલા રહે છે તેમાંથી માનવ મનનું ઘડતર ગ્રહણ કરેલ વિચારો વડે થાય છે. ત્યારે આટલુ યાદ અવશ્ય રાખશો માનવ વડે જ પરમાત્મા મહાન બનેલ છે. પરમાત્માએ જ માનવને બનાવ્યો છે. જેમ ભગવાન કરતા ભક્ત મહાન છે. રાજા કરતા પ્રજા મહાન છે. પિતા કરતા પુત્ર મહાન છે. ગુરૂ કરતા શિષ્ય મહાન છે. તો પણ માનવ જીવન ઘડતરમાં અહી તમારા ગુણો અને કર્મનું મુલ્ય વધારતા રહેશો. અવમુલ્યન ના કરશો. જેમકે જીવનમાં આવા ના બનશો.

જીવનમાં એટલા નરમ ન થાઓ કે
લોકો તમને ખાઇ જાય.
જીવનમાં એટલા ગરમ પણ ન થાઓ કે
લોકો તમને અડી પણ ન શકે.
જીવનમાં એટલા સરળ ન થાઓ કે
લોકો તમને મુરખ બનાવી દે.
જીવનમાં એટલા અતડા ન થાઓ કે
લોકો તમને મળી પણ ના શકે.
જીવનમાં એટલા ગંભીર ના બનો કે
લોકો તમારાથી કંટાળી જાય.
જીવનમાં એટલા છીછરા ના બનો કે
લોકો તમને ગણકારે નહિ.
જીવનમાં એટલા મોંઘા ના બનો કે
લોકો તમને બોલાવી ના શકે.
જીવનમાં એટલા સસ્તા પણ ના બનો કે
લોકો તમને નચાવ્યા જ કરે.
જીવનમાં રસભીના અને રંગીલા બનો



જેથી લોકો સદા તમને આવકારે.
જીવનમાં નિરાશ અને નિરસ ના બનશો
તો જ લોકો તમને ચાહશે.

આમ માનવે સમયાંન્તરે, સ્થળ, સંજોગો અને સબંધો અનુસાર માનવોત્તર(દેવ) થવા ક્યારેક નરમ, ક્યારેક ગરમ, ક્યારેક સરળ, ક્યારેક અતડા, ક્યારેક ગંભીર, ક્યારેક છીછરા, ક્યારેક મોંઘા, ક્યારેક સસ્તા પણ થવાની જરૂર રહે છે. પણ તેમાં અતિરેક ના થવો જોઇએ. સપ્રમાણ માત્રામાં સમજી વિચારી, વિવેકાધીન, વ્યવહારો માનવ જીવનમાં કરતા જ રહેવાનું છે. તેમ કરવાથી જ પોતાનું અને બીજાનું હિત થાય. કલ્યાણમાં વધારો થાય. વિકાસમાં વૃધ્ધિ, સંમતિ, સંપત્તિ અને સંતતિની શાન જળવાય. જીવનમાં નિરાશા આવે નહિ. રસભીના અને રંગભીના જીવનમાં મર્યાદા સચવાય. સૌની સાથે હળી મળી રહી શકાય. જીવી શકાય. માનવ માત્ર ગુણ અને કર્મને પાત્ર બને. અધિકારી બને, ઇષ્ટ અનિષ્ટનો વિવેક જાળવે, શ્રેય અને પ્રેયનો માર્ગ જાળવી રાખે. એવા માનવજીવન મુલ્યો અનેક ને ઉજાશ આપનારા નીવડે છે. અગાઉની મહાન વિભુતિઓ પાસેથી તો પછીની પેઢી શીખે છે. તેમના ગુણો અને કર્મોને અનુસરે છે. ઉપદેશ અને આચરણને જીવનમાં ઉતારે છે. ત્યારેજ સાચા અને સારા માનવનું જીવન ઘડતર થાય છે.

**– દક્ષ જોષી**


---

# વાસ્તુશાસ્ત્ર વેધ

આપણે આગળ જોઇ ગયા કે, વેધ એટલે વિંધાવું તેમાં આજના સાયન્સ સાથે કેટલાક વેધોને સિધો સબંધ છે. જ્યારે કેટલાક વેધો શ્રધ્ધા અને વિશ્વાસ ઉપર નિર્ભર છે. માનો યા ન માનો જેવી વાત છે. માનો તો દેવ અને ન માનો તો પથ્થર છે. ના માનવાથી વેધ તેનું કાર્ય બંધ કરતો નથી. જ્યારે આપણને તકલીફો પડે છે અને આપણને સાચો કોઇ વાસ્તુશાસ્ત્રી મળે છે અને જ્યારે આપણા દુઃખ દારીદ્ર દૂર થઇ જાય છે. ત્યારે જ આપણને ખ્યાલ આવે છે. કે હું વેધના કારણે પીડાતો હતો. આપણા ગ્રહબળ સારા હોવા છતા પણ શૂન્ય જ રહેતુ હોય ત્યારે જરૂરથી કોઇ સાચા અને જાણકાર વાસ્તુશાસ્ત્રીની મુલાકાત જરૂરથી લેજો .

હવે આપણે વેધ, તેના પ્રકારો અને તેને દૂર કરવાના ઉપાયો જોઇએ.

(૧) દિવસે તો સૂર્યનારાયણ વગર બિલ ભર્યે પ્રકાશ આપતા જ હોય છે. પરંતુ રાત્રે દિવાનો આશરો લેવો પડે છે. સૂર્ય જગતને પ્રકાશે છે. જ્યારે દીવો ઘરને તો ઘરમાં પ્રવેશતા જમણી બાજુ દીવો રાખવો જોઇએ. આજે ઇલેક્ટ્રીકના જમાનામાં સ્વીચબોર્ડ, જમણી બાજુ રાખવું જોઇએ. જેથી પ્રવેશતા અંધારામાં પણ સ્વીચબોર્ડ ઉપર હાથ જાય. ડાબી બાજુ આથવા સામેની બાજુ હોય તો આપણને પારાવાર તકલીફો ઉભી થાય છે. દીવો જમણી બાજુ હોય અને મકાન પૂર્વાભીમુખી હોય તો ઇશાન ખૂણો જ્યાં ઇશ્વરનો વાસ છે જ્યાં પૂજા થાય છે. તે ઇશાન ખૂણો પ્રકાશીત થવાથી અતી શુભ ગણાય છે.




(૨) ઘરના બારણાના ઉદય કરતા ખડકીનો ઉદય ૧૬મો ઉદય રાખવો યાને કે મકાનના બારણા ૧૬ ગણો ભાગ ખડકી (ઓસરી) ખુલ્લી રહે અને મકાનની દિવાલો સૂર્યના તાપથી અને પવનથી સુરક્ષિત રહે અને સાથે સાથે હવાની અવર જવર પણ યોગ્ય પ્રમાણમાં રહે. જેથી મકાનનું આયુષ્ય વધે છે. પહેલાના જમાનામાં મકાનો માટી અને લાકડાના બનતા તેથી તેને ઘસારો બહુ જલ્દી પડતો. પહેલા જમીનની છૂટ પણ હતી. અત્યારે જમીનો મર્યાદિત થઇ ગઇ છે. માટે ખડકી કરવી પોસાતી નથી. પરંતુ ખડકી કરવાથી મકાનને ઘસારો ઓછો લાગે છે. ખડકીમાં જે વાયુ આવે છે તે ગળાઇને ઠંડો વાયુ આવે છેછ. સાથે ધૂળ અને પ્રદુષણ રહિત આવે છે. જેથી તેમાં વાસ કરનારનું આયુષ્ય લાંબુ થાય છે. ખડકી એક વિસામાનું પણ કામ કરે છે. ખડકીવાળુ ઘર એક મોભો ગણાતો હતો. ખડકી નીચી હોય અને મકાનનો ઉંબરો ઉંચો હોય તો પેટથી ચાલતા ઝેરી જીવજંતુ જેવા કે સાપ, વીંછી, વગેરે જલ્દીથી અંદર દાખલ શકતા નથી. ખડકીનો ભાગાઉંચો હોય અને મકાન નીચુ હોય તો માણસ ખાડામાં ઉતરતો જાય છે. ક્યારેય ઉંચો આવતો નથી. માટે ખડકી કરતા મકાન ઉંચુ રાખવું.

**–લાભશંકર શાસ્ત્રી**
**નડીઆદ.**

---

## ઘર એક મંદિર છે.

સંપ એ ઘરનો મોભી છે., આજ્ઞા એ ઘરનો પાયો છે.
સેવા એ ઘરનો શણગાર છે., કરકસર એ ઘરની કમાણી છે.
સફાઇ એ ઘરની સુંદરતા છે., વિશ્વાસ એ ઘરના નીર છે.
સંતોષ એ ઘરનું ભોજન છે., શાંતિ એ ઘરનું સુખ છે.
દાન એ ઘરનો દીવડો છે., પ્રેમ એ ઘર મંદિરનો કળશ છે.
આતિથ્ય એ ઘરનો વૈભવ છે.,ધાર્મિકતા એ ઘરનું શિખર છે.
સંતુષ્ઠ સ્ત્રી એ ઘરની લક્ષ્મી છે.,સમાધાન એ ઘરનું સુખ છે.
વ્યવસાય એ ઘરનું સંતાન છે.

**– આશાબેન કમલેશભાઇ પંડ્યા**

# સૂર્યને પાણીનો અર્ઘ આપવો તે વિજ્ઞાન છે.

આપણી હિન્દુ સંસ્કૃતિમાં સૂર્યનારાયણ મહાન પ્રત્યક્ષ દેવતા છે. જેથી સૂર્ય નમસ્કાર તથા સૂર્યને પાણી(જલ)નો અર્ઘ આપવામાં આવે છે. તે પણ વૈજ્ઞાનિક કારણ છે. સવારે સૂર્યોદય થતા સ્નાન કરીને તાંબાના લોટામાં પાણી(જલ) ભરી બંન્રે હાથ ઉંચા કરી સૂર્યને પાણી(જલ) નો અર્ઘ આપવામાં આવે છે. સૂર્ય આપણાથી કરોડો માઇલ દૂર છે તો તેને આપણે પાણી(જલ) કેવી રીતે અર્પણ કરી શકીએ. આ પ્રશ્ન આપણે વિચારવા જેવો છે. સૂર્ય અર્ઘ ભૌતિક તેમજ રાસાયણિક ક્રિયા છે. જેમકે તાંબાના લોટામાં ભરેલ પાણી(જલ) ને આપણા બંન્રે હાથ ઉંચા કરી અર્ઘ આપવામાં આવે છે. આ રીતે અર્ઘ આપવાથી સૂર્યપ્રકાશ પાણીની ધારામાંથી પસાર થઇ આપણા શરીર ઉપર મેઘધનુષ્ય ના જે સાત રંગ છે તે આપણા શરીર ઉપર પડે છે. તે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. અને શરીરને રોગમુક્ત કરે છે. જે યકૃત માંથી નીકળતો રસ વધારે છે. તેમજ કીડનીમાં પણ સારી અસર કરે છે. આમ વાત થી થતા રોગો આપોઆપ મટે છે. જે શરીરના બધા રોગોની જડ હોય છે. અપચો (અપચન) ગેસના દર્દમાં રાહત રહે છે. અને શરીરનું સ્વાસ્થ્ય જળવાઇ રહે છે. નદી તળાવ જળાશયમાં ઉભા રહી સૂર્યને અર્ઘ આપવો અતિ ઉત્તમ ગણાય છે. અને તેનાથી ઘણા લાભ થાય છે. મેઘ ધનુષ્યના અલગ અલગ રંગીન કિરણો શરીરના જુદા જુદા ભાગમાં જુદી અસર કરે છે. પરંતુ આધ્યાત્મીક રૂપથી સૂર્યને અર્ઘ આપવાથી લાભ થાય જ છે. આ સાત રંગના કિરણો કેન્સર જેવા ભયાનક રોગ નો પણ નાશ કરે છે. કારણ કે કેન્સરના દર્દીને સોડીયમની રેન્જના કિરણો દ્વારા ઉપચાર કરવામાં આવે છે. આ પ્રક્રિયાથી શરીરની અંદરની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. શરીર પાવરફુલ બને છે. સૂર્યને અર્ઘ આપવાથી આંખોનો રોગ થતો નથી. અંધાપો દૂર કરવા માટે પણ સૂર્ય અર્ઘ આપવાથી આંખોની રક્ષા થાય છે.

અર્ઘ આપતી વખતે તાંબાના લોટામાં લાલ ચંદન, લાલ પુષ્પ કાળા તલ પણ હોવા જોઇએ તે સાથે કંકુ ને પણ પધરાવવું જરૂરી છે. આ બધા પદાર્થ પાણી સાથે ભેળવી અર્ઘ આપવામાં આવે છે. તેમાંથી સૂર્યપ્રકાશ પસાર થઇ આપણા શરીર ઉપર પડવાથી આપણા શરીરમાં રોગપ્રતિકારક શક્તિનો વધારો થાય છે. સૂર્યની ઉપાસનાથી તુરન્ત ફળ પ્રાપ્ત થાય છે. કૃષ્ટ રોગ થવાની શક્યતા રહેતી નથી. સૂર્યને જળ આપવો તે સર્વ પ્રકારે કલ્યાણકારી છે.

**– નટવરલાલ ભટ્ટ**

# ઔદિચ્ય સહસ્ત્ર બસિયા પરીવાર મોડાસા દ્વારા યોજાયેલ સન્માન સમારંભ



શ્રી ઔદિચ્ચ સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ પરીવાર મોડાસા દ્વારા પરિવારના ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત થતા સારી નોકરી મેળવેલ સંતાનો ને સન્માનવાનો સમારંભ શ્રી નટવરલાલ કે.જોષીના અદયક્ષ સ્થાને મુખ્ય મહેમાન ડૉ.દક્ષેશભાઇ ઠાકર, આચાર્યશ્રી આર્ટસ કોલેજ મોડાસા તથા અતિથી વિશેષ શ્રી સુરેશભાઇ એ.પંડ્યા નિવૃત્ત અધ્યાપક આર્ટસ કોલેજ મોડાસા તથા અતિથી વિશેષ શ્રી ભીખાભાઇ પટેલ સિનિયર એડવોકેટ ની નિશ્રામાં તા.૧૧/૭/૨૦૧૦ને રવિવારે ઉળીયા ચોક, મેઘરજ રોડ, મોડાસા ખાતે યોજાયેલ હતો. શ્રી વિજયભાઇ દાણીએ મહેમાનોનો પરીચય તથા સંસ્થાની આછી ઝલક આપી હતી. તેમાં નીચે મુજબના પરિવારના સંતાનોનું સન્માન કરવામાં આવ્યું.

ડીગ્રી પ્રાપ્ત - ચાંદીના સિક્કાથી સન્માનિત
(૧) કુ. હિરલ અશોકકુમાર પંડ્યા (બી.બી.એ.)
(૨) શ્રી વિનિતકુમાર કીર્તિકુમાર જોષી (સીવીલ ડીપ્લોમા)

ચાંદીના સિક્કા મુંબઇ કેળવણી મંડળ ના માનદમંત્રી શ્રી દિલીપભાઇ વ્યાસ તરફથી થયેલ

ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત તથા નોકરી મેળવેલ શાલ ઓઢાડીને સન્માનિત
(૧) પંડ્યા રીશીકિશ મહેશભાઇ - બી.એડ. વિદ્યા સહાયક તરીકે પસંદગી.
(૨) પંડ્યા દિપક અરૂણભાઇ - વિદ્યા સહાયક તરીકે પસંદગી.
(૩) રાવલ આરતી અતુલકુમાર - એમ.એ. સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં લેક્ચરર તરીકે પસંદગી.
(૪) પંડ્યા જીગર અશોકકુમાર - કોમ્પ્યુટર એન્જીનીયર - સોફ્ટવેર કંપનીમાં પસંદગી.

વિશિષ્ટ સન્માન - શાલ ઓઢાડી સન્માનિત
(૧) શ્રી કિશોરભાઇ કાન્તીલાલ જોષી - મોડાસા શહેર ભાજપ ઉપપ્રમુખ તરીકે નિમણુંક થયા બદલ.
(૨) શ્રી અતુલભાઇ કેશવલાલ રાવલ - મોડાસા શહેર ભાજપ કારોબારીમાં નિમણુંક થતા કાઉન્સીલર તરીકે ઉમદા કામગીરી બદલ

મુખ્ય મહેમાન ડૉ.દક્ષેશભાઇ ઠાકર, શ્રી સુરેશભાઇ એ.પંડ્યા, શ્રી ભીખાભાઇ પટેલ તથા શ્રી નટવરલાલ કે.જોષી એ બાળકોને પ્રોત્સાહક પ્રાસંગિક પ્રવચન કરેલ સમારંભનો ભોજન સહિતનો સંપૂર્ણ ખર્ચ અદયક્ષ શ્રી નટવરલાલ કે.જોષીએ ઉપાડ્યો હતો. આભારવિધિ શ્રી મહેશભાઇ પંડ્યા એ કરી હતી. સભાનું સંપુર્ણ સંચાલન શ્રી અશોકભાઇ પંડ્યા એ કર્યુ હતું.

**– મહેશભાઈ પંડ્યા**

# પ્રેસફોટોગ્રાફર મનહર ચોકસીનું સન્માન



વલ્લભ વિદ્યાનગર સ્થિત ફાઇન આર્ટસ કોલેજમાં વિશ્વફોટોગ્રાફી દિન નિમીત્તે ચરોતરના આજીવન ફોટોગ્રાફી કરી હોય તેવા પ્રતિષ્ઠિત ફોટોગ્રાફરોના સન્માન પ્રસંગે નડીઆદના સિનીયર પ્રેસફોટોગ્રાફર શ્રી મનહર ચોકસીને શાલ ઓઢાડી સન્માન કરતા પ્રેસફોટોગ્રાફર શ્રી ઝવેરીલાલ મહેતા અને સન્માનપત્ર અને મોમેન્ટો અર્પણ કરતા પીઠ પત્રકાર શ્રી જશવંતભાઇ નજરે પડે છે.

**– મનહર ચોકસી (નડીઆદ)**

# સર્વ વેદના ચાર રૂપ ૪ વેદોમાં સામાન્ય મંત્ર યાને ગુરૂ મંત્ર ગાયત્રી મંત્ર

વિશ્વામિત્ર ઋષિ હતા. જેના મનમાંથી દુશ્મનાવટ અને વેરઝેરની લાગણી દૂર થઇ છે. અને વિશ્વના પ્રાણી માત્ર પર મિત્રતા, પ્રેમ અને કરૂણાનો ભાવ સતત વિરત ધોધ રૂપમાં વહેતો શરૂ થયો છે. તેવા વિશ્વના મિત્ર રૂપ હૃદયમાંથી ગાયત્રી ભાવનાનો ઉદય થાય છે. આવી દિવ્ય વાણી સંસારની માયાના વનમાં ભટકતો માનવી બોલી ન શકે આત્માના જ્ઞાનનો ધોધ તેના ઉડાણના તળીયાની પેલે પારની અતિચેતન અવસ્થામાં થાય છે. તેનો પ્રદાતા પરમેશ્વર છે. આવુ દેવની વાણી સમુ અમરવેદ ગુંજન સામાન્ય માનવી ન કરી શકે. ઝીરો વોલ્ટના બલ્બનો પ્રકાશ એક હજાર વોલ્ટના બલ્બ સમો ન હોઇ શકે. આવી પરમ ઐશ્વર્ય યુક્ત દિવ્ય વાણી કોઇ વિરલ દેવ સમા આત્મા માં જ શ્રુતિ સ્વરૂપ પ્રગટી શકે તેની સ્ફુરણા થાય, પ્રેરણા થાય, અંતરના આત્મામાં તેનો સાદ સંભળાય પણ જ્ઞાનનો જન્મ માનવી ન આપી શકે. જ્ઞાન ઇશ્વરની કૃપાનું ફળ છે. તે આત્માના ઉંડાણમાંથી બહાર આવે છે. આ માટે તપ કરવું પડે છે. ધ્યાનની ધારણામાં ધ્યાનસ્થ થવું પડે છે. ઇશ્વર સાથે યોગ મારફતે જોડાણ કરવું પડે. સમાધિ ની સાધના સાધવી પડે. શરીર, મન, ઇન્દ્રીયથી પર બનવું પડે . તન-મન અને અસ્તિત્વનું ભાન ભુલવું પડે અંતરમાં અંતરનું પોલાણ સર્જવું પડે. ભક્તિના ભાવ માટે ભગવાનને ભજવા પડે. ત્યારે જ્ઞાનનો ઉદય થાય છે. જ્ઞાન બહારથી અંદર આવતુ નથી. જ્ઞાન સ્વભાન નું અંતરનું અસ્તિત્વ ઓગાળી ખુદમાંજ ખુંદીને ખોળવા પડે. ત્યારે મંત્રોનું દર્શન થાય. દિવ્ય કવિતાની દિવ્યતાનું ઝરણું વંદે મંત્ર જાપ ટાણે મંત્રનો ભાવ પ્રગટ થવો જોઇએ. જપનું રટણ યંત્રવત જડ રીતે ન થવું જોઇએ. તેના રટણ સાથે તેના બોધનો અર્થ પણ જાણવો જોઇએ. તો જ મંત્ર જપ ફળે. તો જ સમાધિનું સુખ મળે તે માટે સમાધિની સાધના સિધ્ધ કરવી પડે. ઇશ્વર સાથે યોગ મારફત અનુસંધાન કહેતા જોડાણ કરવું પડે. ભક્તિની ભાવનાથી ભગવાનને ભજવા પડે. ત્યારે સ્વજ્ઞાનનો ઉદય થાય છે. આત્મજ્ઞાન સમાન કોઇ શ્રેષ્ઠ જ્ઞાન નથી. જ્ઞાનમાં ઉદય સાથે મંત્રોનું દર્શન થાય છે. મંત્રની ભાવના અને દિવ્યતા તેમજ તેના જ્ઞાનનું ભાન થાય છે. મંત્રની ભાવનામાં રહેલા રહસ્યમય દેવતાના દર્શન થાય છે. મંત્રજાપ કરતી વખતે તેના અર્થ અને ભાવના વધુ અગત્યના છે. મંત્રની ભાવના સાથે અર્થ સહિત જાપ કરવાથી તે અનેક ગણુ ફળ આપે છે. ભક્તિ ભગવાનને રીઝવે છે. ભાવનાથી ભોળાનાથ પિગળે છે. તેઓ આંતરીક પ્રેરણા દ્વારા આત્મામાં જ્ઞાનના પ્રકાશનું અજવાળુ પાથરે છે. તેમમની જ્ઞાનવાણીનો સ્વાદ સંભાળી તેમના અવાજનું આનંદરૂપમાં શ્રવણ કરીએ છીએ તેના શ્રુતિ શ્રવણથી વેદ કહે જ્ઞાન યાને સ્વાનંદનો દિવ્ય અનુભવ થાય છે. આપણને તે જ્ઞાનની અનુભુતિ થતા દ્રષ્ટા બનીએ છીએ તેથી વેદને શ્રુતિમાતા કહે છે. ઋષિમુનિઓએ જ્ઞાનની ચરમ અને પરમ અવસ્થા હૃદયના ઉંડાણમાં દેહ ઇંદ્રિય, અને મન સહિત અવસ્થામાં પ્રભુની જે વાણી સાંભળી તે શ્રુતિ તરીકે ઓળખાતી ચાલો આપણે પણ ગાયત્રી મંત્રનું ધ્યેય, જ્ઞાન પ્રાપ્ત કરીએ સાચી ભાવનાથી મન દઇને ભાવ પૂર્વક રટણ કરી પાવન થઇએ.

જેનું ગાન કરવાથી તરી જવાય તે ગાયત્રી મંત્ર ગુરૂ કહેવાય.
જેનું મનન કરવાથી મોક્ષ મેળવાય તે ગાયત્રી મંત્ર મહાન કહેવાય
જેનું અનુષ્ઠાન અમર થવાય તે ગાયત્રી મંત્ર ઔલોકિક કહેવાય.
જેનો જાપ જપવાથી જદગીશ ઝાંખી તે ગાયત્રી મંત્ર જવલંત કહેવાય.
જેનું સ્મરણ કરવાથી પ્રભુ પ્રાપ્તિ થાય તે ગાયત્રીમંત્ર પાવન કહેવાય.
જેનું રટણ કરવાથી રામ દર્શન થાય તે ગાયત્રી મંત્ર રમણીય કહેવાય.
જેનું કિર્તન કરવાથી કૃષ્ણ દર્શન થાય તે ગાયત્રી મંત્ર કમનીય કહેવાય
જેના પાઠ કરવાથી પ્રભુ દર્શન થાય તે ગાયત્રી મંત્ર પાવનીય કહેવાય.
જેમ ખોવાઇ જવાથી ખુદા મળી જાય તે ગાયત્રી મંત્ર ખુદાઇ કહેવાય.
જે મંત્ર જપવાથી મહાવીર મળી જાય તે ગાયત્રી મંત્ર મનનીય ગણાય.
જે બોલવાથી બુધ્ધ મળી જાય તે ગાયત્રી મંત્ર બળવાન કહેવાય.

**– શરદચંદ્ર ભટ્ટ**

# બ્રહ્મ સમાજના વિવિધ સંગઠનો દ્વારા બળેવ પ્રસંગ નિમિત્તે સમુહ યજ્ઞોપવિત બદલવાના પવિત્ર આયોજનો સંપન્ન

## અમદાવાદ

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ વિકાસ મંડળ અમદાવાદ દ્વારા તા.૨૪/૮/૨૦૧૦ને મંગળવારના રોજ સમુહ બળેવ - યજ્ઞોપવિત પ્રસંગ વ્યાસવાડી નરોડા અમદાવાદ મુકામે યોજાઇ ગયો. જેમાં સમાજના સૌ જ્ઞાતિજનોએ સમુહમાં યજ્ઞોપવિત પુનઃધારણ કરેલ.

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડાહ્યાભાઇ લક્ષ્મીશંકર પંડ્યા (ડુઘરવાડા) તરફથી તેમના માતૃશ્રી સ્વ.શકરીબેન લક્ષ્મીશંકર પંડ્યાના સ્મરણાર્થે આજના પ્રસંગે ભોજનનું આયોજન કરવામાં આવેલ. તેમજ સમાજના અગ્રણીઓ તરફથી હાજર સૌ બ્રહ્મ પરીવારોને મસાલા દૂધ આપવામાં આવેલ.

આ પ્રસંગ નિમિત્તે સમાજના ૨૦૦ જેટલા જ્ઞાતિજનો એ આ પવિત્ર પ્રસંગમાં ભોજનનો લાભ લીધેલ.

અંતમાં સમાજના પ્રમુખ શ્રી અશોકભાઇ મણીલાલ પંડ્યા અને મંત્રી શ્રી દિનેશભાઇ એમ.ઠાકરે સૌ જ્ઞાતિજનો ને ભોજન અને દૂધ ના દાતાશ્રીનો આભાર વ્યક્ત કરી પ્રસંગ પૂર્ણ થયાનું જાહેર કરેલ.

**– કમલેશભાઇ એમ.પંડ્યા**

## હિંમતનગર

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ભારતીય સંસ્કૃતિ પ્રમાણે શ્રાવણી પૂનમે ગાયત્રી આશ્રમ નવા હિંમતનગર મુકામે ઘણી મોટી સંખ્યામાં બ્રાહ્મણો તેમજ જનોઇ ધારકોએ વહેલી સવારે ઋષિમુનીઓની પરંપરાગત પ્રમાણે, શાસ્ત્રોક્ત વિધિ, મંત્રોચ્ચાર તેમજ દશવિધિ સ્નાન (દશ ઔષધિઓ મીશ્રીત) સહિત યજ્ઞોપવિત ધારણ કરેલ. ત્યાર બાદ સૌએ ગાયત્રી માતાની સમુહમાં આરતી કર્યા બાદ પ્રસાદી રૂપે અલ્પાહાર કરી ત્રણ કલાકની વિધિ પૂરી કર્યા બાદ બધા છૂટા પડયા. આ ગાયત્રી આશ્રમ નવા હિંમતનગરના કાર્યકર્તા શ્રી કનુભાઇએ જણાવેલ કે બારેમાસના બધાજ તહેવારો ની આનંદ અને ઉલ્લાસભેર ઉજવણી થાય છે. આ ઉપરાંત ખાડીયામાં આવેલ ઔદિચ્ય બ્રહ્મ સમાજની વાડીમાં બ્રાહ્મણોએ જનોઇ બદલી હતી. તેમજ પોલોગ્રાઉન્ડના પંચદેવ મંદિરમાં ભટ્ટ મેવાડા સમાજના જ્ઞાતિનઓએ સમુહમાં યજ્ઞોપવિત પરિવર્તન કરી હતી.

**– સુરેશભાઇ વાસુદેવભાઇ મહેતા**

## મોડાસા

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ પરીવાર મોડાસા એ પરીવારના સૌ સભ્યો માટે તા.૨૪/૮/૨૦૧૦ ને મંગળવારના રોજ સમુહ યજ્ઞોપવિત બદલવાના પ્રોગ્રામનું આયોજન કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે કરેલ, જેમાં જ્ઞાતિના ૨૬ ભાઇઓએ ભાગ લીધેલ અને સંપૂર્ણ વિધિ સહીત જનોઇ બદલેલ, તેમજ પરીવારના સૌ સભ્યો માટે સમુહ ભોજનની વ્યવસ્થા કરેલ જેમાં જ્ઞાતિના ૮૦ વ્યક્તિઓએ લાભ લીધેલ. સમગ્ર પ્રોગ્રામનું આયોજન કારોબારીના સભ્યો એ તન-મન અને ધનથી કરેલ. ભોજન સમારંભ માટે જ્ઞાતિના ભાઇઓ તરફથી રૂા.૪૫૦૦/- ફાળા પેટે મળેલ.

**– મહેશભાઇ પંડ્યા**

## ચોઇલા

ચોઇલા મુકામે ઔ.સ.બ.બ્રાહ્મણ તથા ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ સાથે મળી દર વર્ષે બળેવના પર્વને હર્ષભેર ઉજવે છે. ચોઇલાથી દહેગામ રોડ પર આશરે છ કિલોમીટર દૂર જંત્રાલ મહાદેવના સાનિધ્યમાં વાત્રક નદીના કિનારે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સંપુર્ણ વૈદિક વિધીપૂર્વક શ્રી રમેશભાઇ શુકલના આચાર્ય પદે બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર સાથે બળેવ નિમિત્તે યજ્ઞોપવિત બદલવાના પર્વની ઉજવાણી કરવામાં આવી.

**– નટુભાઇ સી. જોષી (ચોઇલા)**

## સુરત જીલ્લામાં ગુ.ગૌ.બ્રાહ્મણ સમાજની મીટીંગ સંપન્ન

તા.૮/૮/૨૦૧૦ના રોજ સુરતમાં ગુ.ગૌ.બ્રાહ્મણ સમાજની મીટીંગમાં અતીથી વિશેષ તરીકે ગુ.ગૌ.બ્રાહ્મણ સમાજના અધ્યક્ષ રાજેન્દ્રપ્રસાદ જોષી તથા સુરત ગુ.ગૌ.બ્રાહ્મણ સમાજના અધ્યક્ષ ગુ.ગૌ.મહાસભાના મંત્રીશ્રીઓ પ્રતિનીધીઓ તથા પત્રકારો હાજર રહ્યા હતા.

આ મીટીંગમાં ગૌતમ આશ્રમ (સુરત)નું કામ ચાલુ હોઇ તે બાબતે વાર્તાલાપ કરવામાં આવ્યું હતુ. બ્રાહ્મણ સમાજનો વિકાસ થાય તે માટે શિક્ષણ ફંડની તથા સંગઠનની ચર્ચા કરવામાં આવી હતી. આવી મીટીંગમાં સમગ્ર ગુજરાત માંથી બ્રાહ્મણો પધારે તે વિશે સવિસ્તાર ચર્ચા કરવામાં આવી હતી.

આ મીટીંગમાં ગુજરાત ગુર્જર ગૌડ બ્રાહ્મણ સમાજના બાકિ રહેલા પદો માટે નામોની ચર્ચા થઇ હતી.

મીટીંગનું સમાપન સામુહિક ભોજનથી કરવામાં આવી હતી.

**– બદ્રીપ્રસાદ જે.શર્મા (દાહોદ)**

## વિરસદ

તા.૨૪/૮/૨૦૧૦ ને સોમવારના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી સ્વામીનારાયણ મંદિર વિરસદમાં નૂતન યજ્ઞોપવિત ધારણ કરવાનો કાર્યક્રમ યોજાયો.

નૂતન યજ્ઞોપવિત ધારણ કરવાનો કાર્યક્રમ શ્રી સૂર્યકાન્તભાઇ જટાશંકર ઉપાધ્યાય ના આશ્રયે તેમના પુત્ર શ્રી હર્ષદભાઇ સૂર્યકાન્તભાઇ ઉપાધ્યાય ના માર્ગદર્શન તથા આર્થિક સહયોગથી ઉજવાયો. જેમાં અંદાજે પાંત્રીસથી વધુ ભુદેવો એ નૂતન યજ્ઞોપવિત ધારણ કરેલ.

નૂતન યજ્ઞોપવિત વિધિ શ્રી અલ્કેશભાઇ રમણભાઇ જોષીએ સંપન્ન કરાવેલ. સ્વામીનારાયણ મંદિરના સ્વામી શ્રી ગોપાલચરણ શાસ્ત્રીએ (પુરાણી સ્વામી) સર્વેને આશિર્વચન પાઠવેલ.

વિધિ સંપન્ન બાદ પ્રત્યેક ભૂદેવને શ્રી ગોપાલભાઇ ભટ્ટ તથા શ્રી ભરતભાઇ ઉપાધ્યાય તરફથી દક્ષિણા આપી સન્માનિત કરવામાં આવેલ.

**– સમસ્ત બ્રહ્મ સમાજ ( વિરસદ)**

## બ્રહ્મ સમાજના અગ્રણી અને ગુજરાત બ્રહ્મ મહાસંમેલન ના પ્રણેતા શ્રી મનોજ જોષીનું બ્રાહ્મણ શિરોમણી એવોર્ડ ૨૦૧૦ દ્વારા સન્માન.




નવી દિલ્હી ખાતે સર્વ બ્રાહ્મણ મહાસભા દ્વારા કોન્સ્ટીટ્યુશન કલબ ઓફ ઇન્ડીયા ખાતે યોજાયેલ એક ભવ્ય સમારંભમાં ગુજરાતના બ્રહ્મસમાજના અગ્રણી અને જાણીતા એડવોકેટ મનોજજોષીને પ્રતિષ્ઠિત બ્રાહ્મણ શિરોમણી એવોર્ડ ૨૦૧૦ એનાયત કરવામાં આવ્યો હતો. તા.૮મી ઓગષ્ટ - ૨૦૧૦ના રોજ યોજાયેલ આ કાર્યક્રમમાં શ્રી મનોજજોષીને બ્રહ્મસમાજના ઉત્થાના માટે તેમણે આપેલા અભુતપૂર્વ યોગદાન બદલ આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. મનોજ જોષીએ સમગ્ર ભારતમાં એકત્રિત થયેલા બ્રાહ્મણોમાં એવોર્ડ મેળવી ગુજરાતનું અને ગુજરાતના બ્રાહ્મણોનું ગૌરવ વધાર્યુ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ૨૦૦૮માં મનોજભાઇ જોષી દ્વારા યોજવામાં આવેલ બ્રહ્મ મહાસંમેલનમાં ગુજરાત ભરમાંથી અભુતપૂર્વ સંખ્યામાં બ્રહ્મ બંધુઓએ ભાગ લઇ બ્રહ્મ શક્તિના દર્શન કરાવ્યા હતા અને આ વિશાળ સંમેલન ની સફળતા બાદ સમગ્ર ગુજરાતમાં બ્રાહ્મણ સંગઠન અને સેવાકાર્યો કરતી અનેક સંસ્થાઓમાં એક નવો સંચાર જોવા મળ્યો હતો. જે થકી બ્રાહ્મણ લક્ષી સેવાકીય કાર્યો અને સમાજ ઉત્કર્ષની બાબતોને વેગ મળી રહ્યો હતો.

શ્રી મનોજભાઇ જોષીને ગુજરાતનું ગૌરવ વધારતા બ્રાહ્મણ શિરોમણી એવોર્ડ ૨૦૧૦ પ્રાપ્ત કરવા બદલ દક્ષ દ્રષ્ટિ પરિવાર તરફથી હૃદય પૂર્વકની શુભેચ્છા સાથે ખૂબ ખૂબ અભિનંદન.

**– દક્ષ દ્રષ્ટિ**

## દક્ષ દ્રષ્ટિ પરીવાર આયોજીત પ્રથમ જીવનસાથી પસંદગી સંમેલન પ્રસંગે દક્ષ દ્રષ્ટિ ના સેવાકીય કાર્યો ને બિરદાવતા સ્વૈચ્છીક સહયોગ આપનાર સૌ સમાજ શ્રેષ્ઠીઓનો ઋણ સ્વીકાર

| | | |
|---|---|---|
| રૂા.૧૧૦૦૦ | જ્યોતિષી શ્રી ઘનશ્યામભાઇ રાજગુરૂ | અમદાવાદ |
| રૂા.૫૦૦૦ | સુરેશભાઇ એન.ભટ્ટ(પૂર્વ.જી.ભાજપ પ્રમુખ) | નડીઆદ |
| રૂા.૫૦૦૦ | શ્રી શૈલેષભાઇ મહેતા (પ્રમુખ-વર્લ્ડ બ્રાહ્મીન ફેડરેશન) | વડોદરા |
| રૂા.૨૦૦૦ | હિતેષભાઇ (રવિ ફર્નિચર) | આણંદ |
| રૂા.૨૦૦૦ | હિમાલી ગ્રાફીક્સ | નડીઆદ |
| રૂા.૨૫૦૦ | રમણભાઇ જોષી | અમદાવાદ |
| રૂા.૨૫૦૦ | કિરીટભાઇ ભટ્ટ | અમદાવાદ |
| રૂા.૧૫૦૦ | શ્રી મહેશભાઇ મહેતા(પ્રમુખ- સ.ગુ.બ્ર.સમાજ ) | નડીઆદ |
| રૂા.૧૫૦૦ | જીતેન્દ્રભાઇ ડી. ભટ્ટ | અમદાવાદ |
| રૂા.૧૫૦૦ | રાજુભાઇ (હરી ૐ ) | નડીઆદ |
| રૂા.૧૦૦૦ | ડૉ.જયદત્તભાઇ વ્યાસ | આણંદ |
| રૂા.૧૧૦૦ | પંડીત પરીવાર | કરમસદ |
| રૂા.૧૦૦૦ | જગદીશચંદ્ર રામચંદ્ર ભટ્ટ (નિવૃત્ત જજ) | નડીઆદ |
| રૂા.૧૦૦૦ | આશાબેન કે.પંડ્યા | અમદાવાદ |
| રૂા.૧૦૦૦ | અશોકભાઇ ડી. ગોર | અમદાવાદ |
| રૂા.૧૦૦૦ | નિશીતભાઇ ભટ્ટ | નડીઆદ |
| રૂા.૧૦૦૦ | હસમુખભાઇ પંડ્યા | નડીઆદ |
| રૂા.૫૦૦ | અતુલભાઇ શાહ | નડીઆદ |
| રૂા.૫૦૦ | સમસ્ત ગુ.બ્રહ્મ સમાજ વિભાગ-૫ | નરોડા |
| રૂા.૫૦૦ | અતુલભાઇ રાવલ | મોડાસા |
| રૂા.૨૫૦ | વિનોદભાઇ ઠાકર(ઉ.પ્રમુખ, ગુ.જ બ્ર.સમાજ) | અમદાવાદ |
| રૂા.૨૫૦ | કમળાશંકર જોષી(મંત્રી. ત્રિ.મે.બ્રહ્મ સમાજ) | પંચમહાલ |
| રૂા.૨૫૦ | કનૈયાલાલ આચાર્ય | મેઢાસણ |
| રૂા.૨૦૦ | અશોકભાઇ દવે | નડીઆદ |
| રૂા.૫૧ | રાવજીભાઇ મંગળભાઇ પટેલ | નડીઆદ |

વિશ્વભરમાં વસતા અનેક બ્રાહ્મણ પરીવારોને સ્પર્શતા આપણા સૌના સામયિક દક્ષ દ્રષ્ટિના વિકાસ અને પ્રસાર અર્થે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગ આપનાર સૌ વડીલોનો ખૂબ ખૂબ આભાર.

**- દક્ષ દ્રષ્ટિ પરીવાર**

| અ.નં | રકમ | સંદર્ભ | નામ | ગામ |
|---|---|---|---|---|
| ૧ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી પંડ્યા મિતેષકુમાર નરહરીપ્રસાદ | કપડવંજ |
| ૨ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી પંડ્યા મધુસુદન જી. | પેણ |
| ૩ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી ગોર પરેશભાઈ મોહનભાઈ | ગાંધીનગર |
| ૪ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી નરેન્દ્રભાઈ વી. ભટ્ટ | અમદાવાદ |
| ૫ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી રાવલ અતુલભાઈ કેશવભાઈ | મોડાસા |
| ૬ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી જોષી સુહાસભાઈ રમણલાલ | મોરબી |
| ૭ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી પટેલ અમીતભાઈ વલ્લભરામ | વડોદરા |
| ૮ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી એમ.એલ.જોષી | ગાંધીનગર |
| ૯ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી સુરેશભાઈ એન.દવે | અમરેલી |
| ૧૦ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી મૌલેષભાઈ આર.પાઠક | વડોદરા |
| ૧૧ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી દવેનભાઈ એસ.જોષી | અમદાવાદ |
| ૧૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી દવે મુકેશભાઈ ભગવતપ્રસાદ | આણંદ |
| ૧૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા શૈલેષકુમાર પ્રદ્યુમનભાઈ | ડભાણ |
| ૧૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ભટ્ટ ધારાબેન મનોજભાઈ | નડીઆદ |
| ૧૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી દવે પરેશકુમાર વિનોદચંદ્ર | અમદાવાદ |
| ૧૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જોષી કિશોરભાઈ કાંતિલાલ | મોડાસા |
| ૧૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જોષી હર્ષદભાઈ કાંતિભાઈ | અમદાવાદ |
| ૧૮ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા કિરીટકુમાર કે. | અમદાવાદ |
| ૧૯ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી રાવલ પ્રકાશભાઈ એચ. | અમદાવાદ |
| ૨૦ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ગોર યોગેન્દ્રભાઈ દેવશંકર | અમદાવાદ |
| ૨૧ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ઉપાધ્યાય ભરતકુમાર દશરથલાલ | વડોદરા |
| ૨૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ત્રિવેદી સુરેશચંદ્ર જીવણલાલ | વડોદરા |
| ૨૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ભટ્ટ ધર્મેન્દ્રકુમાર જશવંતરાય | વડોદરા |
| ૨૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ભટ્ટ દિપકભાઈ પી | ગાંધીનગર |
| ૨૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ઠાકર મહેશભાઈ વિજયશંકર | ગાંધીનગર |
| ૨૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી મહેતા ટી.પી. | ગાંધીનગર |
| ૨૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી રાજુભાઈ આર.ત્રિવેદી | ગોધરા |

**આજીવન લવાજમ રૂા.૫૦૧/-**
**વાર્ષિક લવાજમ રૂા.૧૦૧/-**

**આપનું લવાજમ ભરવા માટે લવાજમની રકમનો ચેક દક્ષ કન્સલ્ટન્સી નામથી લખી નીચેના સરનામે કુરીયર અથવા પોસ્ટથી મોકલી આપવા વિનંતી.**

**દક્ષ કન્સલ્ટન્સી,**
**૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ,ગંજબજાર, નડીઆદ-૩૮૭૦૦૧.**
**ફોન નં.(૦૨૬૮) ૨૫૬૪૨૩૨. (મો) ૯૮૨૫૪ ૪૯૫૦૫.**
Email : daksh_drasti@rediffmail.com
Email : dakshconsultancyape@yahoo.co.in

**હસમુખ જોષી** (M.A.LL.B) ૦૭૯- ૨૬ ૬૦ ૪૧ ૩૪
**માનદ મેનેજીંગ ડાયરેક્ટર** ૦૭૯-૬૫ ૪૪ ૪૧ ૩૪
Website:www.vidhatamarriage.co.in ૯૮ ૭૯ ૭૯ ૪૧ ૩૪
**હેમીનાબેન જોષી** (M.A.LL.B) **મેનેજર.** ૯૪ ૨૬ ૬૯ ૪૧ ૩૪

V
Estd. 1995

વિધાતા મેરેજ બ્યુરો

૧૯૯૫ થી સર્વજ્ઞાતિના તમામ પ્રકારના ભારતના અને વિદેશના **(NRI)** ઉચ્ચ શિક્ષિત, ગ્રેજ્યુએટ, ઓછુ ભણેલા, અપરણીત, વિધુર, વિધવા, છૂટાછેડા, નાની મોટી, શારીરીક ક્ષતિ, મુકબધિર, વિકલાંગ, સફેદ દાગ, પ્રજ્ઞાચક્ષુ, **(HIV)** વાળા યુવક યુવતીઓના જીવનસાથી પાત્રો આપની પસંદગી મુજબ ૧૦૦% ગેરંટીથી મેળવી આપતી લગ્ન સંસ્થા.

**૧૦ (સેલર) વિજય કોમ્પલેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, સ્ટેટ બેંક સામે, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭**
**સમય - ૧૨ થી ૮ રવિવાર ૯ થી ૧ જાહેર રજાએ ચાલુ.**

## " દક્ષ દ્રષ્ટી " મેળવવા અને સમાચાર તથા લવાજમ મોકલવાનું સરનામુ

નડીઆદ :-દક્ષ કન્સલ્ટન્સી, ૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ,ગંજબજાર,નડીઆદ-૩૮૭૦૦૧.
ફોન નં.(૦૨૬૮) ૨૫૬૪૨૩૨. (મો) ૯૪૨૮૬ ૪૯૯૪૫
મુંબઈ :- ભૂપેન્દ્રભાઈ બી.આચાર્ય
ફોન નં.૨૮૦૨૧૨૪૨/ ૨૮૦૫૬૭૪૦, (મો)૯૮૨૦૩૩૩૩૫૨.
ભાંડુપ :- શ્રી પંડ્યા સુરેશચંદ્ર ડાહ્યાલાલ
(મુંબઈ - ૭૮) ફોન : ૨૫૯૬૩૦૨૨ (મો) ૯૮૭૦૪૩૩૪૯૯.
ભાયંદર :- શ્રી પંડ્યા સંજયકુમાર રસીકલાલ,થાણા - ૪૦૧૧૦૧.
ફોન : ૩૨૯૧૭૦૭૭ (મો) ૯૩૨૪૪૭૦૦૪૭.
ડોંબીવલી :- શ્રી નિલેશભાઈ શંકરલાલ રાવલ
ફોન:૯૩૨૩૩૧૨૬૫૧,૯૯૨૦૪૮૭૬૪૩,
બોરીવલી:- ઠાકર મુકેશભાઈ ભાનુશંકર ફોન : ૯૩૨૪૫ ૯૨૪૯૯.
અમદાવાદ :- કમલેશભાઈ મણીભાઈ પંડ્યા. ફોન નં.૯૪૨૭૦૨૨૨૩૯.
ખેરાડી :- ડૉ.ચંદુલાલ શંકરલાલ જોષી ફોન નં. ૨૨૦૩૨૧, ૯૪૨૭૦૪૮૮૦૫.
રૂપાલ :- જોષી ચંદુલાલ વલ્લભરામ ફોન નં. ૦૨૭૭૨-૨૭૨૧૬૨,૯૪૨૮૭ ૩૦૬૭૬.
આણંદ :- જતીનભાઈ પંડ્યા ફોન : (મો) ૯૪૨૮૯ ૦૩૬૨૬
ચોઈલા :- નટુભાઈ ચુનીલાલ પંડ્યા. ફોન :૯૫૨૭૭૯-૨૨૨૩૭૮
મોડાસા :- અતુલભાઈ કેશવલાલ રાવલ. ફોન નં : ૨૪૩૩૧૮. (મો) : ૯૯૭૯૪૧૬૫૬૬
હિંમ્મતનગર :- મહાદેવપ્રસાદ કેશવલાલ જોષી. ફોન :- ૯૨૭૫૦ ૮૧૬૩૨
વડોદરા :- ભટ્ટ મુકેશભાઈ મધુસુદનભાઈ ફોન :(રહે) ૨૪૯૨૬૭૭(મો): ૯૪૨૬૯૬૨૫૨.
વડોદરા :- હર્ષદભાઈ રતિલાલ પંડ્યા ફોન :૯૮૨૪૦ ૧૦૭૯૩ (રહે) ૦૨૬૫ ૨૭૬૧૧૩૯
ગાંધીનગર :- મનુપ્રસાદ એલ. જોષી. ફોન : ૨૩૨૪૮૦૬૧ (મો): ૯૮૨૪૦ ૦૬૭૪૮.
દાહોદ : બદ્રીપ્રસાદ જે.શર્મા. ફોન : ૯૯૨૫૫ ૦૨૦૨૪
હાલોલ : કિશોરભાઈ સોમેશ્વર પંડ્યા, ફોન :(૦૨૬૭૬)૨૨૫૬૭૪(મો)૯૪૨૭૭ ૧૭૧૩૫
ગોધરા : ભાનુભાઈ શીવશંકર મહેતા. ફોન : ૯૪૨૮૦ ૧૨૯૦૮, ૯૮૨૫૩ ૩૧૪૩૩
દીવ/ ઉના : શ્રી રમેશભાઈ રાવલ (સિંહ દર્શન) ફોન : ૯૮૨૫૯ ૯૬૨૫૪
વેજલપુર : શ્રી સુરેશભાઈ એન. જોષી (પત્રકાર) ફોન : ૯૯૭૯૩ ૭૦૮૯૧

## અભિનંદન

**સાજન સંજયકુમાર પંડ્યા**
ભાયંદર મુંબઈ નિવાસી પંડ્યા સંજયકુમાર રસિકલાલ ના સુપુત્ર ચિ.સાજન ચાલુ વર્ષે પ્રથમ વર્ષ (ફાર્મસી) બી.ફાર્મ માં ૬૮ % માર્કસ મેળવી ઉત્તિર્ણ થયા છે.

**કુમારી ભાવિ ભરતકુમાર ગોર - ભાયંદર**
બી.કોમ.માં ૭૦ % ગુણ મેળવી ઉત્તિર્ણ થયા.

**રાજકુમાર ભરતભાઈ ગોર - ભાયંદર**
ધોરણ-૧૨ સાયન્સમાં ૭૩.૫ % ગુણ મેળવી ઉત્તિર્ણ થયા.

**કુમારી જુહી વિનોદભાઈ પંડ્યા અડપોદરા - બોરીવલી**
બી.એસ.સી. કોમ્પ્યુ.સાયન્સમાં ૬૦ % ગુણ મેળવી ઉત્તિર્ણ થયા.

**પંડ્યા પ્રેક્ષાબેન જતીનકુમાર ગોર ચોઈલા - કલ્યાણ**
એલ.એલ.બી,એલ.એલ.એમ. બાદ હાઈકોર્ટ માં એડવોકેટ તરીકે સેવાઓ આપી રહ્યા છે.

સૌને આ સફળતા બદલ દક્ષ દ્રષ્ટિ પરીવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

**- મૂળશંકર એન.પંડ્યા (દહીસર)**

## ગૌરવ



**ડૉ. વિજયકુમાર એમ.જોષી**

ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજના મોડાસા નિવાસી જોષી મનુપ્રસાદ લક્ષ્મીશંકર ના સુપુત્ર ડૉ. વિજયકુમાર જોષી જેઓ છેલ્લા પંદર વર્ષથી તબીબી સેવાઓ આપી રહ્યા છે.અને ખૂબજ પછાત વિસ્તાર સિમરવાડા રાજસ્થાનમાં કાર્યરત રહી આદિવાસી પછાત ગરીબ લોકો માટે તબીબી સેવાઓ સાથે બ્લડ ડોનેશન, મોતીયાનું ઓપરેશન, વગેરે નાના મોટા અનેક મેડીકલ સારવારના કેમ્પોનું સફળ આયોજન કરી રહ્યા છે. જે બદલ તેઓની આ વિશિષ્ટ સેવાઓ માટે સ્વાતંત્ર્ય દિન નિમિત્તે યોજાયેલ સમારોહમાં ડૉ.વિજયકુમાર જોષીને જીલ્લા કક્ષાએ સન્માન પ્રાપ્ત થયુ છે. જે સમસ્ત બ્રહ્મ સમાજ માટે ગૌરવ રૂપ છે. શ્રી ડૉ.વિજયકુમાર મનુપ્રસાદ જોષીને તેઓની આ વિશિષ્ટ ઉપલબ્ધી માટે શુભેચ્છા સાથે ખૂબ ખૂબ અભિનંદન.

**- દક્ષ દ્રષ્ટિ**

**નોંધ : જે જ્ઞાતિબંધુઓનું વાર્ષિક લવાજમ પૂર્ણ થયુ હોય અથવા બાકી હોય તે જ્ઞાતિબંધુઓએ સત્વરે લવાજમ ભરી સહયોગ આપવા વિનંતી.**

# પિતૃ પક્ષ (શ્રાદ્ધ)

હિન્દુ સંસ્કૃતિના ભાદરવા માસમાં પૂનમથી અમાસનો સમય પિતૃઓ માટે અને પિતૃભોજન આપવાનો સમય છે. આ સમયમાં બ્રાહ્મણો તથા સાધુ સંતો ને જમાડવાનો મહિમા છે. ઘણા લોકો માને છે કે બીજાને જમાડવાથી પિતૃઓને ભોજન મળે છે. તેવો પ્રશ્ન ઉઠે છે. પરંતુ તે જાણવાથી શંકાનું નિવારણ થાય છે. કારણ કે પૂર્વજોનું અપમાન થવું જોઇએ નહિ.

નવરાત્રી પહેલા પિતૃશ્રાધ નો સમય આવે છે. આ સમયમાં હિન્દુઓ મરણ પામેલા પૂર્વજોનું શ્રાધ્ધ કરે છે. જે તીથીએ પૂર્વજ નું મરણ થયું હોય તે તીથીએ શ્રાધ્ધ કરવાથી, પિતૃઓને પિતૃ ભોજન આપવાથી પિતૃઓ તૃપ્ત થાય છે. અને તેના સંતાનો ઉપર કૃપા દ્રષ્ટિ રાખે છે.

મૃત્યુ સંસ્કારમાં પીંડદાન થાય છે. અને પહેલાના મરણ પામેલા વ્યક્તિઓના પીંડમાં મેળવી દેવામાં આવે છે. કારણ કે પિતૃની પ્રેતછાયા સંસારમાં ભટકતી ના રહે જો ભટકતી રહે તો અદ્રશ્ય શક્તિ ને પૂર્વજ ને હેરાન કરી શકે છે. આમ આ પ્રેતછાયા પરીવારને પરેશાન કરે છે. (કુળ) વંશના વ્યક્તિનનું આ કર્તવ્ય છે કે, શ્રાધ્ધ પક્ષમાં પિતૃ ભોજન કરાવવું જરૂરી છે. પિતૃઓ આ આશાથી પોતાનું જીવન પુરૂ કરતા હોય છે.

શ્રાધ્ધ શબ્દ એટલે શ્રધ્ધા ના આધારે છે. આમાં પિતૃ ભોજન પોતાની પરિસ્થીતી ને આધિન છે. પિતૃને શ્રાધ્ધ કરવામાં આપણા ઘરમાં સાદી સામગ્રી બનાવી ધુપ આપવાથી ધુપના ધુમાડાથી પિતૃઓને તૃપ્ત કરવામાં આવે છે. તે તેઓને પહોંચે છે. તે પિતૃ તૃપ્ત થાય છે.

પૂર્વજો ને ધુપથી પોષણ થાય છે. (હવન)થી ભોજન પ્રાપ્ત કરે છે. તરપણથી જળ પ્રાપ્ત થાય છે.

હિન્દુ ધર્મમાં પાંચ યજ્ઞનું મહત્વ છે. (૨) સ્નાન, કરવું, સુર્યનારાયણને અર્ઘ આપવો, અગ્નિ પ્રગટાવી તેમાં હોમ આપવો, અતિથી ભોજન, ગાયને ગૌ ગ્રાસ ખવરાવવું, કાગ ભોજન (પ્રેત ભોજન) કહેવામાં આવે છે. કાગડાની દ્રષ્ટિ ઘણી તીવ્ર હોય છે. જ્યારે તે ભોજન કરે છે ત્યારે તેના સાથીઓને જોર જોરથી પોકારી પોકારીને બોલાવે છે. (કા.કા....કા.કા.... કા.કા...) આ પ્રમાણે જે વંશનું ભોજન કરે છે. તે વંશના પિતૃઓને કા.કા... કા.કા... કરીને પૂર્વજોને ભોજન કરવા બોલાવે છે. આ મુખ્ય ગુણ બીજા પશુ પક્ષીઓમાં જોવા મળશે નહિ.

કાગડાઓ બ્રહ્માંડના અણુ અણુ ના ભાગથી પરીચીત છે. આ ગુણ તેના વંશના આધારે મળેલ છે. કારણ કે આપણા હિન્દુ શાસ્ત્રમાં પૂર્વએ (પિતૃ ભોજન) (પિતૃ યજ્ઞ) માં કાગડા ને શા માટે આમંત્રીત કર્યા. કાગડા એટલા ચતુર હોય છે કે, કાગડી પોતાના ઇંડા કોયલના માળામાં મુકી આવે છે. અને તે ઇંડાને કોયલ પોતાના ઇંડા માની સેવે છે. કોયલ બીચારી તે ઇંડાને પોતાના ઇંડા માની તેની રક્ષા કરી કાગડાના બચ્ચાને મોટા કરે છે. આપણા પૂર્વજોએ આ માટે કાગડાને પિતૃ ભોજન માટે પસંદ કરેલ છે. જે પિતૃઓને ભોજન પહોંચાડવાનું કામ કરે છે પિતૃઓ પક્ષી વિજ્ઞાનના પારંગત હતા. કાગ ઋષિ છે. લક્ષ્મણને કાગ ભૂષંડી પાસે જ્ઞાન લેવા મોકલેલ.

ચોખાની ખીર તે મહત્વનું ભોજન છે.


કારણકે પૂર્વજોને નમકવાળા ભોજનની જરૂરીયાત નથી. સામાન્ય અગ્નિ પ્રગટાવી ધુપ કરવાથી તે ધુપના ધુમાડાથી પિતૃઓ તૃપ્ત થાય છે. આ પિતૃ ભોજન તપ્ત થયાનું માની લેવું તે શ્રધ્ધા છે, તે શ્રાધ છે. વ્યક્તિઓને સંતોષ પ્રાપ્ત થાય છે. પિતૃઓ શ્રાધ (ચુકી) રૂણ રાખતા નથી. અને તે પોતાના પરીવારને સુખી સંપન્ન રાખવા પ્રયત્ન કરે છે. પ્રથમ પિતૃ (માતા-પિતા) બીજા કુળદેવી -દેવતા પરીવારને સુખી રાખે છે.

**- નટવરલાલ એમ.ભટ્ટ**

# અભિનંદન



કુ.કુંજન દિપકભાઇ પાઠક
વડોદરા
અ.નં.૮૪



ચિ.ધ્રુવ ભરતભાઇ દવે
બારડોલી
અ.નં. ૧૩૭

દક્ષ દ્રષ્ટિ પરીવાર આયોજીત જીવનસાથી પસંદગી સંમેલન થકી પરીચય કેળવી લગ્ન ગ્રંથી થી જોડાવા જઇ રહેલ નવયુગલ ચિ.કુ.કુંજન દિપકભાઇ પાઠક અને ચિ.ધ્રુવ ભરતભાઇ દવે ને વડીલો અને સૌ પરીવારજનોના ખૂબ ખૂબ શુભેચ્છા સાથે હૃદય પૂર્વકના આશિર્વાદ. તેમજ દક્ષ દ્રષ્ટિ પરીવાર તરફથી બંન્ને પરીવારોને હૃદય પૂર્વકની શુભેચ્છાઓ.

| | |
|---|---|
| દિપકભાઇ પી. પાઠક | ભરતભાઇ એમ.દવે |
| ડૉ.પિયુષચંદ્ર એન.પાઠક | મણીશંકર દવે (દવે બાપુ) |
| શકુન્તલાબેન પી.પાઠક | શારદાબેન મહેશભાઇ દવે |
| તથા સમસ્ત પાઠક પરીવાર | અને સમસ્ત દવે પરીવાર |
| વડોદરા | બારડોલી ના જયઅંબે. |

# લગ્ન વિષયક

ગાંધીનગર સ્થિત શ્રી મનુપ્રસાદ એલ.જોષી (નિવૃત્ત ડીડીઓ) ની સુપુત્રી ચિ. ધારીણી ઉ.વ.૨૮ એન્જીનીયર (હાલ યુ.કે) માટે ઉચ્ચ શિક્ષિત તથા સંસ્કારી બ્રાહ્મણ પરીવારના સમકક્ષ યુવકના વાલી તરફથી પૂછ પરછ આવકાર્ય છે. ફોન : ૦૭૯ ૨૩૨૪૮૦૬૧,

# ચાર પુરૂષાર્થની પ્રાપ્તિ

પ્રાચીન ભારતીય ધર્મશાસ્ત્રોમાં દર્શાવ્યા મુજબ સર્વે જીવોમાં મનુષ્ય પાસે વિશેષ બુધ્ધિ હોવાથી શ્રેષ્ઠ છે. પરમાત્મા જેને વધારે બુધ્ધિ આપે છે એને વિશેષ જવાબદારી પણ સોંપે છે. તે તમામ જવાબદારીઓ અદા કરવા મનુષ્ય જે ક્રિયાત્મક પ્રવૃત્તિઓ કરે છે તેને શાસ્ત્રોએ ચાર પ્રકારના પુરૂષાર્થમાં વહેંચી દીધી છે. તે છે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. મનુષ્યએ એ ચારેય પુરૂષાર્થ કરવાના છે. જ્યારે અન્ય જીવોએ કામ અને અર્થ પુરૂષાર્થ કરવાના છે. ધર્મ પુરૂષાર્થ વડે મનુષ્ય એ સત્કાર્યો કરવા, પુણ્ય કરવું, પાપથી બચવું, પ્રભુમય જીવન જીવવું, તેમ કરવું મનુષ્યો માટે વિશેષ જવાબદારી છે. ધર્મના પુરૂષાર્થ વડે જ આપણે મનુષ્ય કહેવાઇએ છીએ, તેવું જ મોક્ષ પુરૂષાર્થ વડે મનુષ્ય વિશેષ પ્રકારની સાધના કરે, આધ્યાત્મિક ઉન્નતિ કરે, ઇશ્વરમય બને, અને જન્મ મરણના ચક્કરમાંથી મુક્ત પામે તે માટે કઠીન સાધના કરે. જેઓ મોક્ષ પુરૂષાર્થ ના કરી શકે તેઓએ કમસે કમ ધર્મ પુરૂષાર્થ તો કરવો જ રહ્યો. તેનાથી આત્માની ઉર્ધ્વગતિ અવશ્ય થાય છે. ધર્મ પુરૂષાર્થ કરવાથી જન્મ મરણના ચક્કરમાંથી છુટાતુ નથી. તેમાં ત્રિવિધ કર્મના બંધન થાય છે. તેથી ઘણા જન્મો સુધી ધર્મ પુરૂષાર્થનો સતત ક્રમ જળવાઇ રહે તો જ આત્માની ઉર્ધ્વગતિ થાય છે. આપણા શાસ્ત્રો મુજબ આખા બ્રહ્માંડમાં ચૌદ ભુવન છે. પૃથ્વી મધ્યમાં છે. તેની નીચે સાત પાતાળ છે, અને ઉપર છ લોક આવેલ છે. જીવાત્માની ગતિ એના કર્માનુસાર, એની સાધના અનુસાર કોઇપણ લોકમાં થઇ શકે છે. માટેજ માનવે આત્માની ઉર્ધ્વગતિ સાધવા માટે પુરૂષાર્થથી સાત્વીકતા વધારતા પગથિયા સતત ચઢવા પડે છે. ધર્મ કર્યા વિના મોક્ષ પ્રાપ્ત ના થાય. માનવ જીવનનું અંતિમ ધ્યેય મોક્ષ બતાવેલ છે.

## ધર્મચેતના

ચાર પુરૂષાર્થોમાં ધર્મ અને મોક્ષની વચ્ચે કામ અને અર્થ પુરૂષાર્થો છે. એમાં ધર્મ પુરૂષાર્થ કરવામાં તન-મન-ધન સાથે તમામ ઇન્દ્રીઓનો સદ્‌ઉપયોગ કરવાનો રહે છે. મોક્ષ પુરૂષાર્થમાં દિલ, દિમાગ અને મન સાથે આત્માનું અનુસંધાન કરવાનું છે. જ્યારે કામ અને અર્થના પુરૂષાર્થમાં તન-મન-ધન અને ઇન્દ્રીઓનો સદ્‌ઉપયોગ કરવા સંયમ, વિવેક અને મર્યાદા જાળવવાના છે. ધર્મ અને મોક્ષ પુરૂષાર્થમાં બ્રાહ્મણ બાહ્ય વાતાવરણથી અસંગ રહી શકે. તો જ સિધ્ધિ પામે. આંતરીક ચેતનાઓ અને થતા પરિવર્તનોનું નિરિક્ષણ પરિક્ષણ અને પૃથ્થકરણ જેઓ સારી રીતે સમજી શકે, સારી રીતે કરી શકે તેવા સાધકો માટે મોક્ષ પુરૂષાર્થ આસાન બને છે. તેને યોગારૂઢ પણ કહી શકાય. અહી સૌ પ્રથમ ચારેય પુરૂષાર્થની સરળ સમજુતી વિચારીએ તો ધર્મ પુરૂષાર્થમાં નિયમીત, વ્યવસ્થિત, વિધિવત, વિવેક, વિનય અને શ્રધ્ધાથી કરવામાં આવતા ધર્મકાર્યોનું જીવનમાં આચરણ સતત કરતા રહેવાનું છે. તેને ધર્મ પુરૂષાર્થ કહે છે. અર્થ પુરૂષાર્થમાં માનવ પોતાની ઇચ્છા મુજબની વસ્તુઓ, પદાર્થો કે ધન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કે મહેનતવાળી પ્રવૃત્તિઓ કરે છે. તેમજ પ્રાપ્ત થએલાને સાચવવામાં જે પુરૂષાર્થ કરે છે તેને અર્થપુરૂષાર્થ કહે છે.

કામ પુરૂષાર્થ એટલે ઇન્દ્રીઓના વિષોયના ઉપભોગની ઇચ્છા કરવી તે તેમજ કામનાઓની ઇચ્છા પુર્તિના હેતુથી કરવામાં આવે તો તે પુરૂષાર્થને કામ પુરૂષાર્થ કહે છે. મોક્ષ પુરૂષાર્થ આત્મજ્ઞાન મેળવવા અંતરમુખ બનવું ચિત્તની એકાગ્રતા સાધવી. ચિત્ત વૃત્તિનો વિરોધ કરી બ્રહ્મ વિદ્યા પામવી, યોગ રૂઢ થવું તે માટે કરવામાં આવતો પ્રયત્ન કે પુરૂષાર્થ ને મોક્ષ પુરૂષાર્થ કહે છે.

અલબત્ત ચારેય પુરૂષાર્થ તો કઠીન ધ્યેય લક્ષી, વ્રત લક્ષી, કઠીન પ્રયત્ન સતત કરવો જ પડે છે. તેના સાધનો અને માર્ગો અલગ અલગ છે. ધર્મ-અર્થ અને કામ પુરૂષાર્થ ગૃહસ્થીઓ માટેના પુરૂષાર્થ બતાવ્યા છે. જ્યારે મોક્ષ માર્ગ સંન્યાસી, યોગીઓને માટે મોક્ષ પુરૂષાર્થ બતાવેલ છે. ટુંકમાં માનવ જીવનમાં એક યા બીજી રીતે ધ્યેયને પામવા અને તેમાં સફળતા કે સિધ્ધિ મેળવવા સતત કર્મ કે પુરૂષાર્થ કરવાનો જ રહે છે. તેમાં આળસ પ્રમાદ કરનાર ધ્યેય સુધી પહોંચી શકતો નથી. આત્મજ્ઞાન મેળવવા કે બ્રહ્મ વિદ્યાની પ્રાપ્તી માટે ક્રમશઃ પ્રયત્ન કે પુરૂષાર્થ દરેક માનવીએ યથાશક્તિ યથામતિ પ્રયત્ન કરતા જ રહેવાનું છે. તેમાં દરેક સ્તરે ગુરૂનું જ્ઞાન - આચરણ અને વિદ્યા સહાયક બને છે. તેથી જ કહેવાય છે કે ગુરૂ વિના જ્ઞાન નહિ.

**- પ્રવિણભાઇ પંડ્યા**

સંપાદક, મુદ્રક, પ્રકાશક : જોષી મનોજભાઇ બી. ૨૩ શુભમ સોસાયટી, કોલેજ રોડ, નડીઆદ, જી.ખેડા (ગુજ.) દ્વારા હિમાલી ગ્રાફીક્સ, વછેવાડ , નડીઆદ ખાતે છપાવી ૧૧૮ ઘંટાકર્ણ કોમ્પલેક્ષ ગંજબજાર નડીઆદથી પ્રસિદ્ધકર્યું.
Editor, Publisher, Printer : Joshi Manojbhai B. 23, Shubham Society, Collage Road, Nadiad Dist : Kheda (Guj.) Printed at Himali Graphics, Vachevad, Nadiad.